# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 41-October 2007 **MATRUBHASHA** Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૪૧ - ઓક્ટોબર ૨૦૦૭ માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ


## માબાપ(તમારા હક)ને ભૂલશો નહિ



ભૂલો બધું ભલે પણ માબાપને ભૂલશો નહિ
અગણિત છે ઉપકાર એના એ કદિ ભૂલશો નહિ

આ એક હૃદયસ્પર્શિ ગીત છે જે આપણે ભજન તરીકે પણ ગાઈએ છીએ. હું તો માનું છું કે જેમ પૂજામાં કોઈપણ દેવની આરાધના કરતાં પહેલાં શ્રી ગણેશની પૂજા કરવામાં આવે છે તેમ દરેક સત્સંગમંડળમાં બીજા કોઈપણ ભજન ગાતાં પહેલાં આ ભજન ગાવાનો નિયમ રાખવો જોઈએ. કારણ માબાપ ઈશ્વરથી ઘણા નજીક છે, પૂરેપૂરા સાક્ષાતકાર છે અને ઈશ્વર કરતાં તે આપણી સંભાળ વધારે લે છે, આપણી ઈચ્છાઓ પરિપૂર્ણ કરે છે. એટલે ઈશ્વરને ભજતાં પહેલાં માબાપને ભજવાં એ જ શાસ્ત્ર નિયમ ગણાય.

જો કે ઓસ્ટ્રેલિયા - અમેરિકા જેવા દેશોમાંનાં સત્સંગમંડળનો વિચાર કરીએ ત્યારે એવું લાગે કે તેમાં હાજર રહેનારા મોટા ભાગના તો 'સિનિયર સિટીઝન' હોય છે જેમના માબાપ કદાચ આ દુનિયામાં નથી અને જેમના પુત્રો તેમને છોડીને પોતાની અલગ દુનિયામાં રહેવા ચાલ્યા ગયા છે. આમાંના ઘણા લોકો એમ ખાતરી પૂર્વક માનતા થઈ ગયા છે કે માભોમ ગુજરાતને છોડીને ધન અને સમૃદ્ધિની લાલચે પરદેશ આવીને તેમણે જે કાંઈ મેળવ્યું તેનાં કરતાં વધારે ગુમાવ્યું છે. પણ આવું ફક્ત પરદેશમાં જ બને છે એમ માનવું ભૂલ ભરેલું છે.

> ભૂલો બધું પણ હક તમારા જાળવવા ભૂલશો નહિ
> જે જ્ઞાન મળ્યું અનુભવથી તે જ્ઞાન વીસરી જશો નહિ.
> દેજો બધું સંસ્કાર, ભણતર, પ્રેમથી સહકાર સર્વ
> પણ જીવનમરણની મૂડી તમ મૃત્યુ પહેલાં દેશો નહિ.
> દેજો ઘરેણાં, કાર, ઘર ને ધંધા માટે ઘણી મૂડી પણ
> જેની કોઈ સીમા નથી તે 'જામીનગીરી' દેશો નહિ.
> જો આપ્યું હોય કંઈ ભૂલથી તો હક પાછો માંગજો
> કાયદો તમારા પક્ષે છે તે વાત કદિ ભૂલશો નહિ.
> જો હોય પૌત્રો વ્હાલાં તો વારસામાં બધું આપજો,
> પણ વીલમાં શું લખ્યું તમે તે કોઈને કહેશો નહિ

પોરબંદરમાં એક દંપતી રહે છે. તેમને બે પુત્રો છે. નાની નોકરી અને સામાન્ય આવકમાંથી પણ કરકસર કરીને તેમણે બંને પુત્રોને યુનિવર્સિટીનો અભ્યાસ કરાવ્યો. ઉમરલાયક થયા એટલે સારી કન્યાઓ ગોતીને લગ્ન પણ કરાવ્યા. એક જૂનાગઢમાં નોકરી કરે છે અને એક જામનગરમાં. બંનેએ લોન લઈને ઘર પણ વસાવી લીધાં. મોટા કરતાં નાનો વધુ હોંશિયાર હતો એટલે તેની આવક પણ વધારે થવા લાગી. પિતા નિવૃત થયા એટલે દીકરાઓના આગ્રહથી થોડા થોડા મહિના બંનેને ત્યાં ગાળવા લાગ્યા. ફક્ત એકબે મહિના જ પોરબંદરમાં તેમના ઘરમાં રહે. પછી દીકરાઓની સલાહથી પોરબંદરનું ઘર વેચી નાંખ્યું અને છ છ મહિના બંને દીકરાઓને ત્યાં જ રહેવાનું રાખ્યું. ઘર વેચીને જે પૈસા આવ્યા તે બેંકમાં મૂક્યા અને દર મહિને વ્યાજના જે આવતા તે દીકરાઓના ઘરમાં જ વાપરી નાખતા. એક વખત દીકરાઓએ પ્રસ્તાવ મૂક્યો, 'તમને બેંક જે વ્યાજનો દર આપે છે તેનાથી દોઢા વ્યાજના દર અમારે લોનના વ્યાજના આપવા પડે છે. એટલે તમે જો બેંકમાં રાખેલા પૈસા અમને આપી દો તો આપણને બધાને ફાયદો થાય. આમેય તમારી સંભાળ તો અમે લઈએ જ છીએ.'

અને અહીં જ એમણે જિંદગીની સૌથી મોટી ભૂલ કરી. 'મૃત્યુ પછી બધું દીકરાઓનું જ છે ને ? તો જીવતાં જ તેમને આપીને સુખી જોવામાં શું વાંધો છે ?' એમ વિચારી તેમણે પ્રસ્તાવ સ્વીકારી લીધો અને બધી મૂડી બંને દીકરાઓને સરખે ભાગે આપી દીધી. હવે બંને દીકરાની વહુઓ વચ્ચે ચડભડ શરૂ થઈ. મોટાની વહુ કહે કે નાનાની આવક વધારે છે એટલે તેમને ત્યાં વધારે મહિના રહેવા જોઈએ અને નાનાની વહુ કહે કે પૈસા બંનેને ભાગે પડતા આપ્યા છે એટલે છ છ મહિના બંનેને ત્યાં રહેવાય. આવું બધું જાણીને પિતાનું મન ખાટું થઈ ગયું. તેમની પાસે તો હવે પૈસા નહોતા એટલે સ્વતંત્ર જઈને રહી શકે તેમ નહોતા. કોઈ સખાવ્રતી વૃદ્ધાશ્રમમાં રહેવા જવાનું વિચાર્યું. પિતાને હાર્ટએટેક આવ્યો. તેમને ઓપરેશન કરવાની જરૂર છે પણ પાંચ લાખ રૂપીઆ આપવા બંને ભાઈઓ તૈયાર નથી. હવે માબાપ અફસોસ કરે છે કે જો તેમની મૂડી બંને દીકરાઓને આપી દીધી ન હોત તો તેમણે ઓશિયાળા ન બનવું પડત. પણ હવે શું થાય ?

ઓસ્ટ્રેલિયામાં એક માબાપે દીકરાને ધંધાની લોન લેવા માટે જામીનગીરી આપી જે માટે ઘર બેંકને ગીરવી આપ્યું. દીકરાને ધંધો કરતાં આવડ્યું નહિ, બધું ગુમાવ્યું અને ઉપરથી લેણદારોનું દેવું પણ કર્યું. દીકરાને જેલમાં જતો બચાવવા માબાપની એકની એક મૂડી જેવું ઘર વેચવું પડ્યું. હવે તે કેરેવાનમાં ભાડે રહે છે અને સરકારી પેન્સન પર ગુજારો કરે છે.

વડોદરાના રાજુ ડોશીનો કિસ્સો એનાથી પણ વધારે હૃદયદ્રાવક છે.. તેમને ત્રણ દીકરા અને બે દીકરીઓ. સાધારણ સ્થિતિના માણસ. શક્ય તેટલું બાળકોને ભણાવ્યા અને પરણાવ્યા. મહેનત અને કરકસર કરી એક નાનું ઘર પણ બંધાવ્યું. પતિ ગુજરી ગયા એટલે ઓછું ભણેલા રાજુબેનનો જીવનનો આધાર ત્રણ દીકરાઓ ઉપર જ રહ્યો. પતિએ વસિયતનામું કરેલું નહિ એટલે ઘર પર દીકરાઓએ કબજો જમાવી લીધો. ખોટા દસ્તાવેજો કરી દીકરાઓએ ઘર વેચી નાંખ્યું અને રાજુબેન રસ્તા પર આવી ગયા. દીકરીઓ વહારે ધાઈ, તેમણે માને સંભાળી લીધી અને એક વૃદ્ધાશ્રમમાં ગોઠવી દીધા. મહિલાસમાજે રાજુબેનને ઘર પાછું મેળવવા દીકરા પર કેસ કરવા કહ્યુ છે.

બ્રિસબેનમાં એક વૃદ્ધ માએ ઘર દીકરાના નામે કરી આપ્યું તેને બીજેજ મહિને દીકરાવહુએ મળીને તેમને ઘરની બહાર મૂકી દીધા. હવે ઘર પાછું મેળવવા દીકરા પર કેસ કરેલ છે.

જાણવા પ્રમાણે ભારત અને ઓસ્ટ્રેલિયાની બંને સરકારે હવે કાયદો કરેલ છે કે દીકરાઓ માબાપની સંભાળ લેવા ના પાડે તો દીકરાઓને જે કાંઈ ભેટમાં આપેલું હોય તે બધું પાછું માગવાનો તેમને હક્ક છે. અમેરિકામાં તો એક માબાપે આવા દીકરા ઉપર કેસ કરીને તેના ઉછેર અને ભણતર માટે જે ખર્ચ કરેલ તે બધો હિસાબ સહિત વ્યાજ સાથે પાછો મેળવવાનો કેસ કરેલ છે અને કોર્ટે તેમની તરફેણમાં ચૂકાદો પણ આપેલ છે.

માણસનો એક જન્મજાત સ્વભાવ છે કે પોતે જે કાંઈ મેળવે - સમૃદ્ધિ, સત્તા, સફળતા, સંસ્કાર, સામાજિક પ્રતિષ્ઠા - તેનો જશ, પુરસ્કાર પોતાને જ આપે. એ બધું પોતાના ચાતુર્યથી, પોતાની આવડતથી, પોતાની ધગશથી, પોતાની જાતમહેનત અને પરિશ્રમથી મેળવ્યું એમ કહેવાય. પણ જે કાંઈ ગુમાવે, નિષ્ફળતા મળે, સંબંધો તૂટે, તેના દોષનો ટોપલો નસિબને, ઈશ્વરને, વિધાતાને, સમાજને, સરકારને, સંસ્કારને, સંસ્કૃતિને, પરદેશને, બદલાતી હવાને, ટેક્નોલોજિને, ગ્લોબલ વોર્મિંગને માથે ચઢાવી દે.

એક વાત દરેકે સમજી લેવા જેવી છે કે તમારા જીવનમાં જે બની રહ્યું છે તે બીજા અનેકના જીવનમાં બનતું હશે. જેટલું અણગમતું બની રહ્યું છે તેથી અનેકગણું સારું પણ બની રહેતું હશે. સંયુક્ત કુટુંબની પ્રથામાં સંપત્તિ ને સત્તા બંને મૃત્યુ સુધી વડીલના હાથમાં રહે છે. માણસને સમાજની પણ થોડીઘણી ધાક રહેતી. પણ હવે નોકરી ને ધંધાને કારણે કુટુંબ વિખરાઈ જાય છે. દીકરાઓ વડીલોની આમન્યા રાખતા નથી, સમાજની એમને પરવા નથી. આપણે સમયની પ્રગતિ સાથેનું આ પરિવર્તન સ્વીકારી લેવું જોઈએ. લાગણીવેડા છોડીને નક્કર હકિકતોની ગણતરી કરીને નિર્ણયો લેવા જોઈએ. ખાસ કરીને ઓછી આવકવાળા કે પેન્સનને આધારે જિવતા, માંડ જીવન ગુજારી શકાય તેટલી બચતવાળા, માબાપોને હવે તો બેંકો અને સામાજિક સંસ્થાઓ પણ સલાહ આપે છે કે વસિયતનામું બનાવો પણ મૃત્યુ સુધી તમારી સંપત્તિ પર કબજો તમારો જ રાખો, જેથી માથે હાથ મૂકી રોવું ન પડે.

Publication :MATRUBHASHA.(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી

Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com

છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહીં.

Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**Subscriptions:**

MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com.

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned website.

## ગું જ ન

### ⌘ પરમ ધન ⌘
**ન્હાનાલાલ**

પરમ ધન પ્રભુના લેજો, લોક !

રૂપુ ધન, ધન સોનું
હે અબધૂત ! હીરા મોતી ઝવેર,
હે અબધૂત ! હીરા મોતી ઝવેર.
સમા ધન, ધન જોબન, ચળ સહુ,
અચળ બ્રહ્મની લહેર
પરમ ધન પ્રભુનાં લેજો લોક !

નહીં સૂરજ, નહીં ચંદ્ર
હે અબધૂત ! નહીં વીજળી ચમકાર,
હે અબધૂત ! નહીં વીજળી ચમકાર !
અગમનિયમનીયે પાર અપાર એ
બ્રહ્મ તણાં ભંડાર,
પરમ ધન પ્રભુનાં લેજો, લોક !

દૂર થકી પણ દૂર
હો અબધૂત ! પ્રાણ થકી પણ પાસ,
હો અબધૂત ! પ્રાણ થકી પણ પાસ !
ઊગે, તપે કે આથમતાંયે
એ ધન છે અવિનાશ
પરમ ધન પ્રભુનાં લેજો લોક !

### હું તો રોકું રોકું ને ઊડી જાય
**સુમન અજમેરી, અમેરિકા**

હું તો રોકું રોકું ને ઊડી જાય
કે પલ્લુ મારો આમ તેમ કાં લહેરાય ?
સહિયર સંગ હું વીણતી'તી માંડવી
ક્યાંથી લાગ્યા આવી કાળજડે ઘાવ ?
થોડેક છેટે ઊભો છેલડ વાંકડિયો
નખરા એના ઉર આવી ભરાય
હું તો રોકું રોકું ને ઊડી જાય
હું તો રોકું રોકું તોય ભરમાય
કે નેણો મારાં આજ અવશ કાં થાય ?
સહિયર સંગ હું પાણીડાં ગઈ'તી
ખણખટ આ વાયરો કેવો રે વાય ?
પીપળાને ટેકવી બજવતો બાંસુરી
સૂર એના મન મારું તાણી તાણી જાય
હું તો રોકું રોકું ને ઊડી જાય
હુંફળી ફાંફળી આમતેમ નીરખી
ભાવો ન વશમાં જરીયે લગાર
સમજલ સહિયર વાળી વાળી પૂછતી
'ભોળી, ભલી કાં આજ તું ભરમાય ?
કૂઈ રે દશથી આવ્યા વાવડિયા
અંતરના રાગ તારા આમ હરી જાય.'
હું તો રોકું રોકું ને ઊડી જાય
ચૂપ થા ભૂંડા અપલખણા મન તું
આમ ન ઢોલ ભર નગરે પિટાય
'ના રે સખી, ના, કાંઈ નથી એવું'
રજનીનાં શમણાં હઈડે અથડાય.
'ભે ભરી ડરી જઈ આમતેમ નીરખું
તે ચિંતવી તું ખોટું શાને ભરમાય ?'
હું તો રોકું રોકું ને ઊડી જાય

### જીવતર — સ્નેહલ જોષી, ગુજરાત

સ્હેજ કૂંપળ ફૂટે ને હું તો ફૂલડું થઈ જાઉં
મારા શૈશવનું ગામ એક ડાળી !
યૌવનમાં ફાટ ફાટ ફૂટે છે યૌવના
એમ હું તો ખીલ્યું છું ડાળીની કોરે
વાયરાને આપી છે હળવી સુગંધ
હવે મારામાં ગુલાબી એક રંગ મ્હોરે.
સ્હેજ ફોરમ ઊડે ને હું તો શમણું થઈ જાઉં
મારી ઈચ્છાઓ સાવે નખરાળી !
કાયાનો રંગ આજ આંખોમાં લઈને
મેં સપનાઓ સોનેરી એમાં સજાવ્યાં,
જાણ્યે અજાણ્યે મેં આશાના કિરણોથી
જીવતરના ક્ષણજીવી પરપોટા પાળ્યાં
સ્હેજ સૂરજ ડૂબે ને હું તો તરણું થઈ જાઉં
મારું જીવતર તો એક રાતપાળી.

### કવિની કલમને — સાંઈરામ દવે, ગોંડલ

કવિની કલમને કોઈ રોકી શકે ના,
અમારી કલા કોઈ જોખી શકે ના.
આ કાગજ કલમ સૂર શબ્દો અમારાં
જગત મોંઘી મિલકતને ટોંકી શકે ના.
સળગતો આ મીંઢોળ બાંધીને ફરીએ
દરદ વીણ કોઈ અમને પોંખી શકે ના.
છે ચહેરા અમારાં અજબ એને કોઈ
વગર ભીની આંખે વિલોકી શકે ના.
અમે બળતાં બળતાં બનાવ્યાં છે 'સાંઈ'
અમારા ગીતો કોઈ જોખી શકે ના.

### આગે આગે આગે
**ભાનુપ્રસાદ પંડ્યા, રાજકોટ**

ઊઠો યુવાનો, સબળ તમારો
સાથ સમય જો માગે !
આગે, આગે, આગે
ઊડે તમારે ડગલે ડગલે,
અશ્વોની વેગીલી ફાળ,
ઊઠે તમારે શ્વાસે શ્વાસે
સાગરમોજાં ભવ્ય ઉછાળ,
દુનિયા નવાં કલેવર માગે,
આગે, આગે, આગે.
ચલો, હઠાવો, જામ્યાં જગમાં
સ્વાર્થ, વ્હેમ, અંધાર
સરહદ પર સંકટ ઊતરતાં,
ભય ને ભ્રષ્ટાચાર
હૃદય શુધ્ધ હો, શીલ સ્વચ્છ હો,
બલિદાન કાજ તત્પર રહેજો
યુધ્ધ બ્યુગલો વાગે,
આગે, આગે, આગે.

### માણસ છે, બિઝનેસ કરે છે.

પતંગિયાની પાંખો છાપે,
માણસ છે, બિઝનેસ કરે છે.
ઝાકળ પણ પાઉચમાં આપે
માણસ છે, બિઝનેસ કરે છે.
અજવાળાનો સ્ટોક કરીને,
સૂરજને પણ બ્લોક કરીને,
પોતે તડકો થઈને વ્યાપે,
માણસ છે, બિઝનેસ કરે છે.
સંબંધોની ફાઈલ રાખીને,
ચહેરા પર સ્માઈલ રાખીને,
લાગણીઓ લેસરથી કાપે,
માણસ છે, બિઝનેસ કરે છે.
શબ્દ શબ્દને વાટી વાટી,
અર્થોનું કેમિકલ છાંટી,
જળમાં પણ ચિનગારી ચાંપે,
માણસ છે, બિઝનેસ કરે છે.
કલરવને પણ ટેપ કરીને,
કંઠ ઉપર પણ રેપ કરીને.
માગો તે ટહુકા આલાપે,
માણસ છે, બિઝનેસ કરે છે.
ચકમક લોઢું ઘસતાં ઘસતાં,
ફૂંક લગાવી હસતાં હસતાં,
જ્યાં જ્યાં સળગે ત્યાં ત્યાં તાપે,
માણસ છે, બિઝનેસ કરે છે.
પેતાનું આકાશ બતાવી,
સૂરજ, તારા, ચંદ્ર ગણાવી,
વાદળ ફૂટપટ્ટીથી માપે,
માણસ છે, બિઝનેસ કરે છે.

### અંજુમન સુધી

તારી વસંત હોય છે તારા ચમન સુધી
તારી બધીયે કલ્પના તારા ગગન સુધી
મારી વિશાળતાને નિમંત્રણ ન આપ તું
તારી શમાનું તેજ ફક્ત અંજુમન સુધી

## લેટ અસ કિલ ગાંધી

### 'એ ક્રોનિકલ ઓફ હીઝ લાસ્ટ ડેયઝ, કોન્સ્પીરસી ઓફ મર્ડર ઈન્વેસ્ટીગેશન એન્ડ ટ્રાયલ'

**લેખકઃ તુષાર ગાંધી, પ્રકાશકઃ રૂપા પ્રકાશન, અમદાવાદ**

૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ ભારતને કદિ ન પુરાય તેવી ખોટ પડી હતી. એ દિવસે નથુરામ ગોડસેએ ગોળી મારી ગાંધીજીની હત્યા કરી હતી. નથુરામ ગોડસે તેમના શરીરને મારી નાંખવામાં તો સફળ થયો પણ ગાંધી વિચારધારાને રોકી શક્યો નહી. ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમની ૫૯મી પુણ્યતિથિ નિમિત્તે તેમના પ્રપૌત્ર તુષાર ગાંધીએ 'લેટ અસ કિલ ગાંધી' નામનું પુસ્તક પ્રગટ કર્યું છે. આ પુસ્તકમાં ગાંધીજીની હત્યા કરવાના કાવતરાં પર, ગાંધીજીને બચાવી શકાયા હોત તે વિગતો પર પ્રથમવાર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ચાર-પાંચ વર્ષો આ કાવતરા અંગે કોર્ટોના કાગળિયા તથા હત્યા પાછળના પરિબળો અને માણસો અંગે એમણે જે વિગતો એકત્ર કરી છે તે ખરે જ દાદ માગી લે છે. આ પુસ્તક દ્વારા પ્રપિતામહને યોગ્ય અંજલિ આપી છે. શ્રી તુષારભાઈ આપણા અભિનંદનના અધિકારી છે. ગાંધીજીના પુત્ર મણિલાલ ગાંધી અને સુશીલાબેનના પુત્ર અરુણભાઈ અને સુનંદાબેનના તેઓ પુત્ર છે. અરુણભાઈ ૭૩ વર્ષના છે અને સુનંદાબેન ૬૪ વર્ષના. તુષારભાઈ મહાત્મા ગાંધી ફાઉન્ડેશન ચલાવે છે.

તુષાર ગાંધીના આ પુસ્તક વિષે તેમના પિતરાઈ ભાઈ રાજમોહન ગાંધી જણાવે છે કે એક લગનીમાંથી આ પુસ્તકનો જન્મ થયો છે. વિગતવાર અભ્યાસ પછી તેમણે ૯૦૦ પાનાનું આ દળદાર પુસ્તક પ્રગટ કર્યું છે, જેમાં ગાંધીજીની હત્યાને લગતી કેટલીક હકીકતો તેમજ કેટલાક સવાલો રજુ કર્યા છે. રૂપા પ્રકાશન દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ આ પુસ્તકની સાત હજાર નકલો પ્રકાશ થયાને થોડા દિવસોમાંજ વેચાઈ ગઈ. હાલ તેની બીજી આવૃતિ છપાઈ રહી છે.

ગાંધીજીની હત્યા વિષે વિવિધ જુથોએ પોતપોતાના અનુમાન અને ગણતરીઓ રજૂ કર્યા છે. આમ બનતાં સત્ય ઉપર અસત્યના એટલા બધા પડળો ચડી ગયા છે કે તેમાંથી સત્ય ગોતવું મુશ્કેલ બની ગયું છે અને તે વિષેની ચર્ચાઓનો રાફડો ફાટયો છે.

કેટલાક લોકો કહે છે કે 'મુસ્લિમોએ સિંધ-પંજાબમાં હિન્દુઓ ઉપર ગુજારેલા સિતમો વિષે ગાંધીજી બિલકુલ અજ્ઞાત હતા પણ તેના પ્રતિકારરૂપે હિન્દુઓએ દાખવેલા વર્તનને ફક્ત જોઈને પાકિસ્તાન અને મુસ્લિમો તરફ કુણી લાગણી ધરાવતા હતા. તેઓ મુસ્લિમોને આશરો આપતા હતા અને હિન્દુઓને તરછોડતા હતા.' કેટલાક લોકો 'ભારતના ભાગલા માટે ગાંધીજીને જવાબદાર ગણે છે.' પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપીઆ આપવા માટે ભારત પર તેમણે જ દબાણ કરેલું તે વાત તો જાણિતી છે. 'તેમણે મુસ્લિમોની તરફદારી કરતી વેળા હિન્દુ નિરાશ્રિતોની તકલીફો તરફ આંખ આડા કાન કરેલા.'

આવા જ કારણોસર ઘણા હિન્દુઓએ ગાંધીજીની હત્યાને ન્યાયી ગણી છે. પણ આમાંના કેટલા કારણો સાચા છે ? ભારતમાં કેટલીક પેઢીઓ આ જ કારણોને સાચા માનીને મોટી થઈ છે !

આવું વિચારનારા લોકોએ કેટલીક બાબતો જાણી લેવી જરૂરી છે. ૧૯૩૪ થી ૧૯૪૮ના જાન્યુઆરી સુધી ગાંધીજીની હત્યા માટે કુલ ચાર પ્રયાસો કરાયા હતા. આ ચાર હુમલા કરાયા ત્યારે મુસ્લિમ લીગના એજન્ડામાં પાકિસ્તાનને ક્યાંય સ્થાન અપાયું નહોતું. આ ચારે હુમલા પૂનાના 'એક્સ્ટ્રીમ રાઈટ વિંગ'ના અપર કાસ્ટ હિન્દુઓ દ્વારા જ કરાયા હતા. ચારમાંથી ત્રણ પ્રયાસો ગોડસે ગેંગના આપ્ટે દ્વારા કરાયા હતા.

૨૦મી જાન્યુઆરીએ એક પંજાબી રેફ્યુજી મદનલાલ ફાહવાએ બિરલા હાઉસ ખાતે સાંજની પ્રાર્થના સભા દરમિયાન એક ક્રૂડ બોમ્બ ફેંક્યો હતો. તેની તરત જ ધરપકડ થઈ હતી. મદનલાલે કબૂલ્યું હતું કે ગાંધીજીની હત્યાનું કાવતરું ઘડનારી એક ગેંગ સાથે તે કામ કરે છે. તેણે એવું પણ જણાવ્યું હતું કે આ ગેંગના આગેવાન પૂણેના છે જેમાંથી ગોડસે મરાઠી અઠવાડિક 'હિન્દુ રાષ્ટ્ર' અને આપટે 'અગ્રણી'ના તંત્રી અને પ્રકાશક છે. મદનલાલ પોલીસને દિલ્હી ખાતે આવેલી મરીના હોટેલના રૂમ નં ૪૦માં પણ લઈ ગયો હતો જ્યાંથી નથુરામ વિનાયક ગોડસેના ઈનિશિયલ 'એન વી જી' ધરાવતી બંદૂક મળી આવી હતી. 'ઈન્ટરોગેશન' દરમિયાન મદનલાલે પોલીસને વારંવાર જણાવ્યું હતું કે પૂણેની આ ટુકડીના સભ્યો ફરી ગાંધીજીની હત્યાનો પ્રયાસ કરશે જ. પૂણે અને મુંબઈની બંનેની પોલીસ 'હિન્દુ રાષ્ટ્ર' અને 'અગ્રણી'ના સ્ટાફ અને તેની પાછળના લોકો વિષે જાણતી જ હતી. પણ ફક્ત શંકા ઉપરથી કોઈ કાર્યવાહી થઈ શકે નહિ એટલે તેમણે ક્યારેય કોઈને આ વાતની જાણ કરી ન હતી.

ત્યાર પછી દશ દિવસ બાદ નથુરામ ગોડસે, નારાયણ આપટે અને વિષ્ણુ કારકરે દિલ્હી રેલ્વે સ્ટેશનના રિટાયરીંગ રૂમમાં મળ્યા હતા અને ત્યાંથી બિરલા હાઉસ ગયા હતા. સાંજની પ્રાર્થનામાં ભાગ લેવા આવેલા લોકોના ટોળામાં તેઓ ભળી ગયા હતા. સાંજે પાંચ વાગ્યાની આસપાસ જ્યારે ગાંધીજી પ્રાર્થના સભા તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક જ નથુરામ ગોડસેએ તેમનો રસ્તો રોકી પોતાની પિસ્તોલની ત્રણ ગોળીઓ વડે તેમની છાતી વીંધી નાંખી હતી. ગાંધીજી 'હે રામ' શબ્દ સાથે ઢળી પડયા હતા. આમ આખરે ગોડસેએ નક્કી કરેલું કૃત્ય પૂરું કર્યું.

- ગાંધીજીની હત્યા પાછળના મોટા કૌભાંડની તપાસ માટે ૧૯૬૫માં સરકારે નીમેલા 'જે. એ. કપૂર' પંચે પોલીસની ભૂમિકા વિષે સવાલો કર્યા હતા.
- ગાંધીજીની હત્યા બાદ પકડાયેલ નથુરામ ગોડસેએ એવો દાવો કર્યો હતો કે તેણે એકલાએ જ આ હત્યાનું કાવતરું કરેલ હતું. પણ તેની પાસેથી મળેલી ડાયરીમાંની વિગતો પરથી પૂરવાર થતું હતું કે તેની પાછળ એક મોટા જૂથનો હાથ હતો.

'ગરવી ગુજરાત' સાથેની ખાસ વાતચીતમાં પુસ્તકના લેખક તુષાર ગાંધીએ જણાવ્યું હતું કે આ પુસ્તક ઈતિહાસની એક જરૂરિયાત હતી. જેનાં દ્વારા હું ઈતિહાસની ભૂલાઈ ગયેલી કેટલીક હકીકતોને લોકોના ધ્યાન પર લાવવા માગું છું. તેઓએ ઉમેર્યું હતુ કે ગાંધીજી માટે ફેલાયેલી કેટલીક ગેરમાન્યતાઓને હું આ પુસ્તકને આધારે દૂર કરવા માગું છું. તેઓએ દઢતાપૂર્વક જણાવ્યું હતું કે ભારતના લોકો અત્યારે જ્યારે ભૂતકાળમાં કરેલી ભૂલોને ભૂલી જઈ રહ્યા છે ત્યારે આજે આ પુસ્તક આજના જાતિ તેમજ ધર્મ આધારિત રાજકારણ સામે ચેતવણીરૂપ સાબિત થશે. આ પુસ્તક થકી વાચકોને પ્રથમ વખત ગાંધીજીની હત્યા કેસની કેટલીક વિગતો તેમજ જે. એ. કપૂર કમિશનનો રિપોર્ટ વાંચવા મળશે.

↑ ↑ ↑

## ભગવાન કહે માગ, તો. . — ધર્મેન્દ્ર એમ સોની

આજથી આઠેક વર્ષ ઉપરની વાત છે. તે વખતે હું પાટણ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો. તે સમયે ફ્રાન્સથી કેટલીક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનું જૂથ ભારતદર્શન માટે આવેલું. ફરતાં ફરતાં આ જૂથ મારા ગામમાં સહસ્ત્રલિંગ તળાવ, રાણીની વાવ, તેમજ પાટણનાં વિશ્વવિખ્યાત પટોળાં જોવા માટે આવેલ હતું.

પટોળાંવાળા ભાઈ અમારી બાજુમાં જ રહે તેથી અમારે તેમની સાથે સંબંધ પહેલેથી જ સારો. જ્યારે આ જૂથ તેમને ત્યાં આવેલું ત્યારે હું પણ ત્યાં જ હતો. આવેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ખૂબ જ આનંદથી, શાંત ચિત્તે પટોળું વણાતું જોયું. તેમણે કેટલાક પ્રશ્નો પણ પૂછ્યા. એ ભાઈએ તેમના પ્રશ્નોનાં જવાબ પણ આપ્યા. બે-ત્રણ વિદ્યાર્થીઓએ એકેક પટોળું પણ ખરીદ્યું.

આ બધા પાછા ફરવા લાગ્યા. તે વખતે પાછળ રહી ગયેલી એક વિદ્યાર્થીનીને મેં સાહજિક રીતે જ પ્રશ્ન પૂછ્યો કે ભારત દેશમાં તમે ઘણાં સ્થળો જોયાં હશે, ઘણી જગ્યાએ તમે ગંદકી, અવ્યવસ્થા જોયા હશે. મારો એક સવાલ છે કે તમે જે કાંઈ સારું જોયું હોય તેમાં કોઈપણ એકનું વર્ણન કરી શકશો ?

થોડીવાર સુધી તો તે વિદ્યાર્થીનીએ મારી સામે ટગર ટગર જોયા કર્યું. આખરે તેણે જવાબ આપ્યો ત્યારે તેની આંખમાંથી અશ્રુ ટપકતાં હતાં. તેણે કહ્યું, 'હું તો મારા ભગવાનને પ્રાર્થના કરું છું કે મને મારો હવે પછીનો જન્મ જો આપે તો આ દેશમાં જ આપજે.'

આ જવાબ સાંભળી મને અચરજ થયું એટલે ફરી બીજો પ્રશ્ન પૂછ્યો, 'કેમ, તમને તમારા દેશ કરતાં અહિયાં એવું તે વધુ સારું શું લાગ્યું ?'

જવાબમાં તે બોલી, 'તમારા દેશમાં બાપુજી છે, બા છે, ભાઈબહેન છે અને આ બધાં મળીને એક કુટુંબવ્યવસ્થા છે. એકબીજાનો પ્રેમ ગમે તે ઉંમરે પહોંચ્યા પછી પણ સતત વહેતો જોવા મળે છે, જે અમારે ત્યાં નથી. અમે પંદરથી અઢાર વર્ષની ઉંમરના થઈએ ત્યારે સમાજમાં અમને એક આગવું સ્થાન મળે છે પણ કોઈ અમને પ્રેમ આપનારું નથી મળતું.'

તેના મોઢા પર તેજ હતું, હોઠ પર સ્મિત ને આંખમાં આસુ !

↑ ↑ ↑

## ગાંધીજીના સત્યાગ્રહો

હરિ દેસાઈ

(સાભારઃ 'સંદેશ'માંથી)

રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધીને ૧૧ સપ્ટેમ્બર ૧૯૦૬ના રોજ દક્ષિણ આફ્રિકાના ટ્રાન્સવાલની નાટકશાળામાં એ કામ લાગેલું. અબ્દુલ ગની જેના સભાપતિ હતા એ સભામાં ગાંધીજીના 'સત્યમાં શાંતિનો સમાવેશ' સાથેની લડતનાં મંડાણ થયાં. તેમણે ત્યાં 'ઈન્ડિયન ઓપનિયન'માં નાનું સરખું ઈનામ રાખીને 'પેસિવ રેઝિસ્ટન્સ'ના પ્રચલિત શબ્દને સ્થાને 'વિરોધીઓ માટે પણ પ્રેમ અને અહિંસાના જતન સાથેની ચળવળ' માટેનો શબ્દ શોધાવ્યો. મગનલાલ ગાંધીએ 'સદાગ્રહણ' નામકરણ સૂચવ્યું. એમાં સુધારો કરીને ગાંધીજીને હથિયારબળના વિકલ્પે 'સત્યાગ્રહ' શબ્દ મળ્યો.

હમણાં આપણા દેશમાં જ નહિ પણ મંડેલા-મબેકીના દક્ષિણ આફ્રિકામાં પણ 'સત્યાગ્રહ'ની શતાબ્દી નિમિત્તે ગાંધીજીના વિચારોનું નવીનીકરણ થયું. ક્યાંક 'મુન્નાભાઈ લગે રહો'નું માધ્યમ સાંપડ્યું તો ક્યાંક ગાંધીસાહિત્યના પ્રચાર, પ્રસાર અને ચર્ચાનાં આયોજન થયાં. સપ્ટેમ્બર ૨૦૦૭માં આ શતાબ્દી ઉજવણી નિમિત્તે આયોજનો ભલે સમાપ્ત થયાં હોય, ગાંધી તો સર્વકાલીન હોવાની પ્રતીતિ આપણને સતત થતી રહેવાની.

સત્યની શોધનો ગાંધીનો આત્મા પ્રાચીન ગ્રંથો અને વિશ્વભરના વિચારકોના આત્મસાત કરી શકાય એવા વિચારોની શોધમાં સતત પ્રયત્નશીલ રહ્યો. પોતીકાપણાના સત્ત્વને જાળવવાની એમની ખેવના ખૂબ હતી. 'મારું જીવન એ જ મારો સંદેશ' ના ચાર ગ્રંથોના માધ્યમથી ગાંધીજીવનને ફરી વર્તમાનમાં વહેતું કરાવનાર નારાયણ મહાદેવ દેસાઈ(ગાંધીજીનો બાબલો) સૂચકપણે કહે છે, 'ગાંધીજીના વિચારો આપણા માટે આ જમાનામાં ખરેખર પ્રસ્તુત છે કે કેમ એવો સવાલ ફક્ત આપણા ભારતવાસી જ ઉઠાવે છે. વિદેશોના લોકો તો ગાંધીચીધ્યા માર્ગે આગળ વધવા આતુર છે.'

ગાંધીજીના મૃત્યુ ટાણે ખૂબ રડેલા નોર્વેવાસી જ્હોન ગાલટુંગ આજે વિશ્વભરમાં ગાંધીમાર્ગે સંઘર્ષોના નિવારણના ઈલાજ માટે સક્રિય છે. શ્રીલંકાના તામીલ ટાઈગર્સ જેવા ખૂનખાર ત્રાસવાદીઓને પણ સમજણ કે મંત્રણા દ્વારા સમજૂતી સાધવા પેરવા માટે ગાલટુંગના પ્રયાસોથી નોર્વેના પ્રધાનો સક્રિય છે. દુનિયાભરની યુનિવર્સિટીઓમાં પ્રા. ગાલટુંગ વ્યાખ્યાનો આપીને પોતે છેક ૧૯૫૫માં લખેલા 'ગાંધીના રાજકિય નીતિશાસ્ત્ર'ને આગળ ધપાવે છે. આનાથી વિપરિત આપણે ત્યાં ભારતમાં 'અહિંસા શું શક્ય છે ?' એવો સવાલ ધર્મના વડા સંતમહાત્માઓ ઉઠાવે છે !

હાલમાં 'ક્યોટો જર્નલ'માં ગાલટુંગનો ફિલિપ ગ્રાન્ટ સાથેનો ઈન્ટરવ્યૂ વાંચવા મળ્યો. પ્રશ્ન ઃ 'શું તમે હિટલર થકી ગાંધી તરફ ખેંચાયા ?' ગાલટુંગ કહે ઃ 'હું નવ વર્ષનો હતો ત્યારે નાઝી નોર્વેમાં આવ્યા હતા. તેમના ગણવેશનો રંગ લીલો હતો એટલે અમે તેમને 'ગ્રીન વન્સ' કહેતા. અઠ્ઠાવીસ લાખની વસતિવાળા નાનકડા દેશમાં ચાર લાખ નાઝી ખડકાયા. એ વેળા કોઈક વિકલ્પની શોધમાં હું ગાંધી ભણી ખેંચાયો. એ પછી તો ગાંધી કાયમ મારી સાથે રહ્યા.'

ગાંધીજી દેશવાસીઓ માટે પરાયા થવા માંડ્યા ત્યારે 'મુન્નાભાઈ લગે રહો' મારફત નવી પેઢીને એમનો પરિચય થવા માંડ્યો. 'ગાંધી માય ફાધર' ફિલ્મ થકી પિતા તરીકે ગાંધીના મૂલ્યાંકનો થવા માંડ્યા. યુવા વર્ગની ઉત્સુકતા વધી ગાંધી સાહિત્યના વેચાણ વધવા માંડ્યા. આવા તબક્કે યુવા પેઢીને ગાંધીનો પરિચય ભારેખમ શબ્દોમાં કે શોગિયાં મોઢાં કરીને આપવાને બદલે ગાંધી અને સરદાર પટેલની પેલી હળવીફૂલ શૈલીમાં આપનારાઓનો દુકાળ વર્તાય છે. ગાંધીજીનાં મૂલ્યાંકનો પોતાને ગાંધીવાદી લેખાવીને મઠાધીશ બની બેઠેલાઓનાં અગાંધીવાદી આચરણોને આધારે થવા માંડ્યાં છે. કોંગ્રેસે ગાંધી પર મક્તેદારી દાખવી અને દાયકાઓના તેનાં ગાંધીને નામે કરાયેલા શાસને પ્રજાને અકળાવી મૂકી છે. ૧૯૮૦માં મુંબઈમાં ભારતીય જનતા પક્ષના સ્થાપના અધિવેશનમાં 'ગાંધીવાદી સમાજવાદ' જેવા શબ્દપ્રયોગને સ્વીકારાવાનો ખુલ્લો વિરોધ કરનારા માત્ર બે જ મહાનુભાવો હતાં - રાજમાતા વિજયારાજે સિંધિયા અને ભૈરોસિંહ સખાવત. એ પછી તો ભાજપે પણ ગાંધીવાદનું નાહી નાખ્યું. ક્યારેક સત્તામાં આવવા માટે ધર્મ અને રાજકારણ સંદર્ભે ગાંધીજીના અવતરણોનો ઉપયોગ જરૂર કરાયો. કેન્દ્રમાં સત્તા પર આવ્યા પછી ગાંધીજીના અક્ષરદેહના અંગ્રેજી ગ્રંથો 'કલેક્ટેડ વર્ક્સ'ને વિકૃત કરવાનું કામ પણ થયું. સદ્દનસીબે નારાયણ દેસાઈવાળી સરકારી સમિતિએ એનડીએ સરકારનાં કરતૂત પ્રકાશમાં આણ્યાં. જો કે પ્રજા સમક્ષ એ કરતૂત વિગતે મૂકાયાં નથી એટલે કયું, શું, કોણે કાચું કાપ્યું કે ઈરાદાપૂર્વક ગાંધીજીનાં લખાણોને વિકૃત કર્યાં એ સમજાતું નથી.

ગાંધીજીએ અવતારપુરુષ કે ભગવાનની જેમ નહીં પણ સામાન્ય માણસની જેમ જ જીવવાનું પસંદ કર્યું. કમનસીબે તેમના નામે નૈયા હંકારનારાઓએ મોહનદાસને મહાત્મા બનાવી દીધા. મહાત્માની પોપટવાણી જેવા પાઠ થવા માંડ્યા, પણ ગાંધીવાદીઓનાં આચરણમાંથી ગાંધીવિચારની બાદબાકી થતી રહી.

બરાબર આવાજ ઘટનાક્રમમાં જિંદગીમાં ગાંધીજીને ક્યારેય ન મળેલા માર્ટિન લ્યુથર કિંગ જુનિયર જેવા અમેરિકન મહાનુભાવે અશ્વેતોના અધિકાર માટે ગાંધીમાર્ગે આગળ વધવાનું કબૂલ્યું. એણે માત્ર ગાંધીજીની જીવનકથા વાંચીને પ્રેરણા મેળવી. 'આઈ હેવ એ ડ્રીમ' - મારું એક સ્વપ્ન છે - જેવું ઐતિહાસિક પ્રવચન આપનાર માર્ટિન લ્યુથરે જડવાદી ગાંધીવાદીઓના દારૂ અને રિવોલ્વરના લાયસન્સથી દૂર રહેવાનું ભલે પસંદ ન કર્યું હોય, પણ એ સવાયા ગાંધીવાદી સાબિત થયા. નેલ્સન મંડેલાના છવ્વીસ વર્ષના કારાવાસમાં ગાંધીજી જ તેમનું અને આફ્રિકી નેશનલ કોંગ્રેસનું પ્રેરકબળ રહ્યા હતા. ખાન અબ્દુલ ગફાર ખાન, દલાઈ લામા, ઓંગ સાન સુ ક્યી તથા ચીની શાસકોની ટેંક નીચે ટિનામીન ચોકમાં કચડાયેલા વિદ્યાર્થીઓ માટે પણ ગાંધીજીના વિચારો ખાસ્સું પ્રેરકબળ હતાં.

માત્ર ચૂક્યા તો આપણે જ ચૂક્યા - ગાંધીજીના સીધા વારસદાર હોવાનો દાવો કરનારાઓ ! ગાંધીજીની અહિંસાની ઠેકડી ઉડાવવાનાં રાજકારણ ખેલતાં સત્યાગ્રહોને નામે હિંસાચાર ફેલાવવાનુંય આપણને ફાવી ગયું છે. સ્વાભાવિક છે કે આવા દિવસોમાં ગાંધીજી અને તેમની સત્યાગ્રહની વિભાવનાના હાર્દને સમજવા માટે 'મુન્નાભાઈ લગે રહો' જેવી કોઈ ફિલ્મની આપણને પ્રતિક્ષા રહે એટલા બેશરમ આપણે બની ગયા છીએ.

## સુખ કેટલું જોઈએ ?

સુખ એટલે સજા છે, તને નહીં ખબર પડે
એનીય એક મજા છે, તને નહીં ખબર પડે
- મુસાફીર પાલનપુરી

માણસ જ્યારે ખૂબ ભૂખ્યો હોય છે ત્યારે તેને ભોજનની આવશ્યકતા જણાય છે. તે જેમ જેમ ખોરાક પેટમાં નાખે છે તેમ તેમ તેની ભૂખ સંતોષાતી જાય છે. અંતે પૂરું જમી લીધા બાદ તેને લાગે છે કે તેની ભૂખ સંતોષાઈ ગઈ છે, મતલબ કે પેટ ભરાઈ ગયું છે અને હવે પેટમાં વધારે ખોરાક સમાઈ શકે તેમ નથી. અને તે પછી તેની સામે ગમે તેટલી પ્રિય ખાદ્ય સામગ્રી મૂકવામાં આવે તો પણ તે ખાવાની ના જ પાડશે.

ઈશ્વરને જો માણસને ખરેખર સુખી જોવો હોય તો તેને આવું સુખ માટેનું એક પેટ આપવું જોઈતું હતું. તો તે પેટ સુખથી ભરાઈ જાય એટલે માણસને સંતોષ થઈ જાય કે હવે તે સુખી છે અને આથી વધારે સુખની શોધ પડતી મૂકીને મળેલા સુખનો આનંદ માણવો. અત્યારે તો માણસ સુખી હોય તો પણ તેને ખબર નથી પડતી કે તે સુખી છે. ધરાયેલા માણસને ભૂખ નથી લાગતી પણ સુખી માણસ દુઃખી હોઈ શકે ! સુખનો અનુભવ કરવાને બદલે તે વધારે ને વધારે સુખની લાલસામાં દુઃખી થતો ફરતો રહે છે. પોતાની પાસે છે તે સુખ નથી અને બીજા પાસે જે છે તે સુખ છે એવો ખોટો આભાસ તેને હંમેશાં થતો રહે છે. અને તેથી તેને હંમેશાં એવી ઈચ્છા થતી રહે છે કે જો બીજા પાસે જે છે તે છીનવી લઈને પોતાની પાસે લઈ લે તો તે સુખી થઈ જશે. સુખ કેટલું હોવું જોઈએ તે જો માણસ નક્કી કરી લે તો તેટલું મળી જાય પછી તે હંમેશને માટે સુખી રહી શકે.

સુખની શોધ કરવી એ કાલ્પનિક પારસમણીની શોધ કરવા બરાબર છે. પારસમણી કોઈ ખાણમાં, જંગલમાં કે સમુદ્રમાં ન મળે. પારસમણી જેના સ્પર્શમાં આવે તે સોનું બની જતું હોય તો પારસમણી જ્યાં પડ્યો હોય ત્યાં તેની આજુબાજુ સોનાનો ઢગલો હોય. સુખ પણ એવું જ છે. સુખની આજુબાજુ સુખ જ વેરાયેલું હોય છે. સુખ એ મનના સંતોષનો આવિર્ભાવ છે. મનમાં સંતોષ થાય તો સુખ મળી જાય. સુખી માણસની નજીક જે આવે છે તે સુખનો જ અનુભવ કરે છે અને પોતાનું દુઃખ ભૂલી જાય છે. કોઈવાર શાંત જંગલ કે પહાડોની કંદ્રામાં જાવ તો ત્યાં તમને એટલી બધી નીરવ શાંતિનો અનુભવ થાય કે બોલીને શબ્દથી તે શાંતિનો ભંગ કરવાનું તમને મન ન થાય.



**આનંદોત્સ – પ્રવીણ પટેલ 'શશી' અમેરિકા**

એક જ માણસ બેસી શકે એવાં રેસ્ટોરન્ટમાં ટેબલ ન હોય તો ? બાગ હોય, પણ ત્યાં જનાર કોઈ ના હોય તો ? ક્શું જ કહેવાનું ના હોય એવી દુનિયાની કલ્પના થઈ શકે ?

જોવાનું ના હોય તો નેત્રોની જરૂર ખરી ? નાકનું કામ શ્વાસોચ્છશ્વાસનું જ છે ને ! સ્પર્શ વગર રોમાંચની ખબર ના પડે. અવાજ છે તો કાનનો મતલબ છે. જીભ છે તો રસાસ્વાદ માણી શકાય. એક વગર બીજું શક્ય નથી. બે હાથે જ તાલી પડે.

SHARE PAUSE. SHARE SOME SPRAY. SHARE A LITTLE INDULGENCE. હજારો માઈલોના પ્રવાસની શરૂઆત એક પગલાંથી જ આરંભાય છે. પળ, ગતિ અને પ્રગતિને વહેંચો. ક્ષણોનું સહી વિભાજન એજ તો જિંદગી છે.

સબવેમાં, કોન્ફરન્સ રૂમમાં, ક્રિકેટનાં મેદાનમાં, ઓકટ્રી રોડનાં ખૂણે, દુરનાં કોઈ ટાપૂ ઉપર, દેખીતી કે અજાણી જગામાં, આપણે કોઈને કોઈની સાથે વાતો કરતા જ હોઈએ છીએ. હા, આ કામની હોય, અને ના પણ હોય ! સાહસની શાહીથી જાણ્યેઅજાણ્યે આ બધું ઘૂંટાતું રહે છે. શબ્દો ભાવની અભિવ્યક્તિ છે. કારણ કાર્યને શક્ય બનાવે છે.

આમ તો દરેક વાતમાં આપણે ખુદને જ મહત્ત્વ આપીએ છીએ. અરે ! આપણાં સ્વપ્નો પણ આકાશ આંબવા માંગતાં હોય છે ! દિલ ખોલી મિત્રો પાસે થયેલ અનુભવ વર્ણવવાં આપણને ગમે છે. વખત સાથ આપે તો ફરી પાછું એવું કરવા મન પણ થાય છે. સુખનો બટવારો આનંદજનક છે, તો હમદર્દીથી દુઃખ અડધું કમ થઈ જાય છે. સાથસહકાર થકી જીવન સહ્ય અને આસાન બને છે. કહેવાથી, બોલવાથી કે જણાવવાથી, એકલતા ટળે છે. હું એકલો નથી, એ ભાવ જ જોમવંતો છે. હર પળ સ્વયં એક વાર્તા છે.

પૃથ્વિ સૂર્યની આસપાસ ઘૂમે છે, પણ આપણે સ્થિર હોઈએ અને સૂર્ય ફરતો લાગે છે ! શિર પરથી સમય સરે છે, અને આપણને ખબરેય પડતી નથી ! બે મહિના પર સપ્ટેમ્બર ગયો, લાલપીળાં થઈ કોકડાયેલાં પર્ણો ઝાડ પરથી ખરી પડયાં, અને ડીસેમ્બર બેસતાં તો ઠંડી પણ આવી બેઠી. સ્નો પડે તો નવાઈ પણ હવે લાગતી નથી. આમ છતાં, વર્ષનાં આ છેલ્લા માસનાં છેલ્લા દિવસોની આપણે સહુ આતુરતાપૂર્વક રાહ જોઈયે છીએ.

નાતાલનો તાલ મનગમતો છે. ઝાકમઝોળ સ્ટોર-દુકાનો, ભાતીગર ચકાચોંધ રોશની, ક્રિસ્ટમસ-ટ્રી પરનો શણગાર, બોનસ-બક્ષિસની લહાણ, ભેટ-સોગદોનું આદાનપ્રદાન, પાર્ટી-મિજબાનીઓનો દોર, આ સઘળામાં પૈસાનું જબરું આંધણ છે. છતાં, આનંદની રસલહાણમાં એ ગૌણ બની જાય છે. ઈશુના જન્મદિવસનું આ પર્વ છે. દેવળોમાં આ નિમિત્તની ખાસ પ્રાર્થનાઓનું આયોજન થાય છે.

પાંચ વર્ષ પહેલાં હું વાળલ સ્ટ્રીટ ઉપર ફાયનાન્સીઅલ ડિસ્ટ્રીક્ટમાં કામ કરતો હતો. અત્યારે રોકોફેલર સેન્ટર પાસે ઓફિસ છે. સમય હોય તો ટ્રિનીટી કે સેઈન્ટ પેટ્રિક ચર્ચમાં જઈને અચૂક બેસું. પ્રાર્થનાના દોર પછી બધા હાથમિલાવે, એકબીજાને ભેટે; અને **'PEACE BE WITH YOU'** કહીને શુભેચ્છા પાઠવે. કેવું સરસ આ ? દરેક સામેની વ્યક્તિ માટે શાંતિ ઝંખે, ઈચ્છો એવું અને એટલું જ સામે પાછું મળે. સર્વત્ર શાંતિ, સર્વત્ર અમન, વસુધૈવ કુટુંબકમ્ !

૨૫ ડીસેમ્બર, જાહેર રજા, કામકાજમાંથી છૂટ્ટી, ખુશાલી માણવાની અને વહેંચવાની. ખુશીઆનંદની લ્હાણ એ જ તો ક્રિસ્મસ, બરાબર ને ? ઉત્સવનું હાર્દ પણ સમજી લઈએ. ઈશુ, પરમાત્માનો અંશ છે. એનાં અનુયાયીઓ એને ઈશ્વરનું સંતાન માને છે. ઐતિહાસીક રીતે ઈશુના પાદુર્ભાવમાં ખ્રિસ્તી ધર્મનો પ્રારંભ છે. એણે ઉધ્ધારકનું કાર્ય કર્યું, માટે એ મસીહા લેખાયો.

ધર્મ એટલે સુઆચરણ. સેવા, આસ્થા, સંઘત્ત્વ અને ભાતૃભાવ ક્રિશ્ચિઆનીટીનાં પાયા છે. જરૂરતમંદને કામ આવવું, માનવકલ્યાણ માટે મથવું અને આત્માનો ઉધ્ધાર કરવો, મિશનરી કાર્યપ્રાધાન્યને કારણે આ દુનિયાનો મોખરાનો ધર્મ બની રહ્યો છે. આને 'ગરીબોનો બેલી' કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

ક્રિસ્મસની પહેલાંની રાત, 'ક્રિસ્મસ ઈવ'નો આગવો મહિમા છે. ઉડતા સાત રેન્ડિયર, એમની સાથે જોડાયેલી બરફમાં સરકતી 'સ્લેજ' ગાડી, એમાં અસ્વાર સાન્તા ક્લોસ પધારે, એ આશ્ચર્યજનક લાગે છે. ભારે શરીર, દુંદાળું પેટ, રૂપેરી દાઢી, આંખે ચશ્મા, મર્માળુ હાસ્ય, લાલ ટોપી-ડગલો, લીલા-સફેદ હાથમોજાં એનાં આ રંગઢંગ છે મજાનાં, પણ બાળકોને તો એણે ખભે ઉચકેલી ગાંસડીમાં જ વધારે રસ છે.

ઉત્તરધ્રુવમાં સાન્તાનો નિવાસ છે. એ અને એનાં પત્ની આખું વર્ષ રમકડાં બનાવે. ગાંસડીમાં ભરી ખભે ઉચકી સાન્તા આવે. ચિમની વાટે પ્રવેશે અને ક્રિસ્મસ ટ્રીની નીચે રાત્રે ભેટ સોગાદો મૂકી જાય, વહેલી સવારે બાળકો આ જૂએ અને આનંદીત થઈ જાય. આ ભલેને કદાચ દંતકથા જ હોય, પણ વર્ષોવર્ષ આપણે જ એને સાકાર કરીએ છીએ. બીજાનો ખ્યાલ કરવો, એની જરૂરિઆતને સમજવી, યથેચ્છ એને મદદ કરવી, આ જ નાતાલ પર્વનું મહાત્મ્ય છે. સંપ, પ્રેમ, એકતા, સુંદરતા, ડહાપણ, અને બંધુત્ત્વ, આ શબ્દોનો અર્થ દ્દઢ થવો જોઈએ.

વિશ્વના કેન્દ્રમાં આસન જમાવી સુંદરતા સમાધિમાં બેઠેલી છે, અને એને દૂરની જાણ પણ નથી ! ખબર પડે તો આસપાસમાં જ એ કળાય. અસ્તિત્ત્વની જાણ ડહાપણથી થાય. ખુદથી આગળ બીજા માણસો અને સ્થળો છે, એ જ્ઞાન સબંધ અને સગપણની સમજ આપે. વિશ્વાસ-આત્મીયતા, એકબીજાને ટેકો-સહકાર આપવાની ભાવના અને બીજા સાથેની નિકટતતાનો આનંદ, આ તે મિત્રતા. બે ધ્રુવો અલગ છે, છતાં બે વચ્ચે અનુસંધાન છે. ઠીક આમ જ, મતભેદ કે વિચારભેદમાં પણ સુમેળ તો હોવો જ જોઈએ.

મેળ, મિત્રતા અને શાણપણ થકી પ્રેમનો આવિષ્કાર થાય. ભેદ, ભિન્નતા, વિખવાદ કે વૈમનસ્યને પ્રેમમાં સ્થાન નથી. ચાહવું, પસંદ કરવું, વફાદાર રહેવું, અણગમતાને ગમતું બનાવવું, આ જ તો પ્રેમ. આ સમજ્યા તો માનો કે માનવ બન્યા. આ પછી કોઈ કહી શકે નહી કે અહી શાંતિ નથી.

અમલ વગર બધું જ નકામું. સત્તા, સ્વાર્થ અને ખુદગર્જીએ નાત, જાત, અને ધર્મની દિવાલો ખડી કરી છે. માણસ જ માણસનો દુશ્મન બન્યો છે. સરહદો સામે બંદુકો તકાયેલી છે. બોમ્બગોળા ઝીકી આપણે ખુદ જ પાયમાલી નોંતરીએ છીએ. આમ છતાં, '..હો ..હો ..હો' ક્ર્તો સાન્તા આવે એવી સર્વને ખેવના છે.

ક્રિસ્મસની શરૂઆત 'થેન્ક્સ ગીવીંગ'થી થઈ જાય છે. જેણે આપ્યું, એનાં આપણે ઋણી છીએ. પરમ પરમેશ્વરે જે બક્ષ્યું એનાં આપણે આભારી છીએ. પ્રગતિ અને સફળતાના સહુ સહભાગીનો આભાર માનવાનો પણ ક્રિસ્મસ અનેરો તહેવાર છે. ભેટ આપી ભેટવાનો અવસર ના ચૂકીએ. લાલ, લીલી, ભૂરી, પીળી, અસંખ્ય લાઈટો આપણે ઝગમગાવીએ છીએ, દિલમાં પણ દિવો પ્રગટાવી લઈએ. બીજાનાં સુખમાં સુખ વર્તય તો સહી અર્થમાં ક્રિસ્મસ મનાવી કહેવાય.

બે વર્ષ પહેલાં યુરોપ ગયો હતો. રોમ, લંડન, વેનિસ, પેરીસ, કોલોન, ઝ્યૂરીચ અને ફ્લોરેન્સનાં ચર્ચ કે દેવળો શિલ્પ તેમજ સ્થાપત્યની દૃષ્ટિએ બેનમૂન હતાં. ચર્ચ પાસેના ઘંટાઘરની બાંધણી પણ અચૂક ધ્યાન ખેંચે. કેટલાંક ચર્ચમાં તો પહેરવેશ માટે કડક નિયમો હતા. ભાવિકોનાં સ્પર્શથી વેટિકનમાં સેઈન્ટ પીટરની આરસની મૂર્તિનાં ચરણો ઘસાઈ ગયાં છે.

આંખે દીઠાં કેટલાક પ્રસંગો અત્રે બતાવવાની ઈચ્છા રોકી શકતો નથી. સેઈન્ટ પેટ્રિક ચર્ચ પાસે તહેવારો દરમ્યાન એક આદમી ઉંધો સૂઈને પોતાના ખૂલ્લા શરીર ઉપર મીણબત્તીઓ સળગાવી 'ક્રિસ્ટો'નું રટણ કરે છે. આંગળી ઉંચી કરી ગ્રાન્ડ સેન્ટ્રલ સ્ટેશન પાસે એન્થોની ઘરબાર વગરનાં માટે મદદ માંગે છે. ઠંડીમાં ભૂરી પડેલી એની આંગળી જોઈ મેં ચિંતા બતાવી. કહે, 'આ જ્યારે લાલ થઈ જશે ત્યારે ઘરબાર વગરનું કોઈ નહી હોય !'

કેવળ લંગોટ અને હેટ પહેરેલો એક ગોરો ટાઈમ્સ સ્કવેરમાં ગિતાર વગાડે છે, અને પ્રવાસીઓ એની સાથે ફોટા પણ પડાવે છે. સુંદર સજેલા એક સાન્તા નજીક ગયો તો એ સ્ત્રી નીકળી ! વળી એનાં લાલ ચટક હોઠો વચ્ચે સિગરેટ સળગતી હતી ! ધ્યાન ના રાખો તો ગિરદીમાં ખિસ્સું કતરાઈ જાય, અને ખબર પણ ના પડે !

જવા દો આડ વાતો. પ્રેમ, સંપ, સેવા, શાંતિ, એકતા અને મિત્રતા માટે કટિબધ્ધ થઈએ અને નાતાલ પર્વનો આનંદ માણીએ.

**PAX, PAZ, PAIX, PEACE, FRIEDE, SHALOM;** શાંતિનું પ્રર્વતન હો, સુખનો સમંદર છલકે, અને આગામી નવું વર્ષ સર્વને લાભદાયી નિવડે. આમીન.

## જય જય ગરવી ગુજરાત

લાખો ગુજરાતીઓ પોતાનું વતન ગુજરાત છોડીને પરદેશમાં પ્રગતિ કરવા ગયા છે. દુનિયાના અનેક દેશોમાં તેઓ છવાયેલા છે. અને જ્યાં પણ ગયા છે ત્યાં તેમણે ગુજરાત બનાવ્યું છે અને એક રીતે કહીએ તો તેમણે ગુજરાતી ગામડું વસાવ્યું છે. આ ગુજરાતી ગામડામાં તેઓ ગુજરાતની સંસ્કૃતિ, ગુજરાતના સંસ્કારો, ગુજરાતના ધર્મો, ગુજરાતના રીતરીવાજો, જ્યોષિશાસ્ત્ર, વસ્તુશાસ્ત્ર, જે કાંઇ પણ ગુજરાતનું કહેવાય તે બધું જ લઇ ગયા છે. આ ગામડામાં તેઓ નવરાત્રી અને દીવાળી ધામધૂમથી ઉજવે છે. હોળી ઉજવે પણ છે અને હોળી કરે પણ છે. ધર્મો સાથે ધર્મોના વાડાઓ પણ બનાવ્યા, વાડામાં મંદિરો બાંધ્યા, ભજન ગાયા, ભજનમંડળીઓ બનાવી, ગપસપવાળા સત્સંગમંડળો બનાવ્યા, રિવાજો સાથે કુરિવાજો પણ લાવ્યા, શ્રદ્ધાઓ સાથે અંધશ્રદ્ધાઓ લાવ્યા. ગુજરાતમાં ગરીબ માણસો અંધશ્રદ્ધા પાછળ થોડા ખર્ચામાં પણ ઘસાઇ જઇને પાયમાલ થઇ જાય. પણ પરદેશમાં સમૃદ્ધ બનેલા ગુજરાતીઓ અંધશ્રદ્ધા પાછળ મબલખ ખર્ચા કરી શકે છે અને આને કારણે, ગુજરાતમાં જ્યારે અંધશ્રદ્ધાને નાબુદ કરવા માટે ઝૂંબેશો ચાલી રહી છે ત્યારે પરદેશમાં અંધશ્રદ્ધા ફૂલીફાલીને વિકસી રહી છે.

તેમ છતાં એટલું તો કહેવું પડે કે પરદેશમાં ગુજરાતીઓએ ધંધા, વ્યાપાર અને વ્યવસાયોમાં વિકાસ સાધીને ગુજરાતનું નામ રોશન કર્યું છે. ખાસ કરીને અત્યારે અમેરિકા અને ઇન્ગલેન્ડ જેવા પ્રગતિશીલ દેશોના આર્થિકતંત્રમાં ગુજરાતનો ઘણો મોટો ફાળો છે. શોધખોળ, વિજ્ઞાન, તબિબીક્ષેત્ર, મોટા કોર્પોરેશન્સ, હોટેલ, મોટેલ, દરેક ક્ષેત્રમાં ગુજરાતીઓ આગળ પડતા છે.

એમ ન માનવું કે જ્યારે પરદેશમાં વસતા ગુજરાતીઓ આગળ વધી રહ્યા છે ત્યારે તેમના બંધુઓ જેઓ ગુજરાતમાં જ રહ્યા છે તેમણે પણ પ્રગતિ કરવામાં કચાશ રાખી છે. જુઓને, આઝાદી વખતે ભારતની વસતિ ૪૦ કરોડની હતી ત્યારે ગુજરાતની વસતિ બે કરોડ હતી. અત્યારે ભારતની વસતિ ૧૦૦ કરોડ ઉપરાંતની છે ત્યારે ગુજરાતની વસતિ ૫ કરોડ ઉપર છે. એટલે કે આ બધા વર્ષો દરમિયાન ગુજરાતીઓ પણ ખભેખભા મીલાવીને (કે શરીર સાથે શરીર મીલાવીને) કામ(સુત્ર) કરી રહ્યા છે. પણ એટલું અવશ્ય કહેવું પડે કે 'ઝાઝા હાથ રળિયામણા' ને 'ઝાઝા મગજમાં ઝાઝા વિચારો' એ ઉક્તિઓ પ્રમાણે ગુજરાતીઓએ તેમના હાથ અને મગજનો ઘણો સારો ઉપયોગ કર્યો છે અને તેના ફળ સ્વરુપે ભારતના બીજા પ્રાંતોમાંના દેશબાંધવોથી, અને અમુક અંશે પરદેશ ગયેલા ગુજ્જુબંધોઓ કરતાં પણ ઘણી વધારે પ્રગતિ કરી છે.

• ભારતના સરેરાશ વૃદ્ધિઆંક (જીડીપી - ગ્રોસ ડેવલપમેન્ટ પ્રોડક્ટ) કરતાં ગુજરાતનો વૃદ્ધિ આંક ૩ ગણો વધારે છે.

• જો ગુજરાતની સમૃદ્ધિ દુનિયાના બધા દેશોની સરખામણીમાં ગણીએ તો તેનો નંબર ૬૭મો આવે. એટલે કે ચીન કરતાં ઘણું આગળ. (જો કે અત્યારે ગુજરાતમાં ચીનનો માલ બહુ વેચાય છે અને ગુજરાતીઓ ચાઈનીઝ વાનગીઓના શોખીન થતા જાય છે એ જરા વિચારવા જેવું ખરું. આની સરામણીમાં ચીનમાં કચ્છ-ગુજરાતનો માલ કેટલો વેચાય છે અને ચીનમાં ગુજરાતના ખમણઢોકળા કે સૌરાષ્ટ્રના ગાંઠીઆ મળે છે ખરા ? ગુજરાતીઓ ચીન જોવા જાય છે, ચીની લોકો ગુજરાત જોવા આવે છે ? )

• ભારતના ૨૦ પ્રાંતો ગણીએ તો તેના આર્થિકતંત્રમાં દરેક ક્ષેત્રમાં ગુજરાતનો ૫ ટકા ફાળો હોય તો ઘણું કહેવાય, પણ ગુજરાતનો ફાળો ઘણો જ મોટો, નીચે પ્રમાણે છે.

• ઔદ્યોગિક ક્ષેત્રે ૨૦ ટકા
• ખનીજના ઉત્પાદનમાં ૯ ટકા.
• નિકાશમાં ૨૨ ટકા.
• કાપડ બનાવટના ૨૫ ટકા.
• દવાઓ બનાવવાના ૩૫ ટકા.
• પેટ્રોકેમિકલ્સના ૫૧ ટકા.

• જામનગરમાં આવેલ રિલાયન્સ કંપનીની રિફાઈનરીનો સમુહ દુનિયામાં સૌથી મોટો છે.

• ગેસથી વિદ્યુત ઉત્પાદન કરવામાં ભારતમાં બધા પ્રાંતોમાં ગુજરાત પહેલા નંબરે છે અને ન્યુક્લિયર વિદ્યુત ઉત્પાદનમાં બીજા નંબરે છે.

• ભારતની મલ્ટિનેશનલ કંપનીઓમાં ૨૦ ટકાની ઓફિસો ગુજરાતમાં છે.

• ભારતની સ્ટોક માર્કેટના ૩૫ ટકા શેરો ગુજરાતીઓ પાસે છે.

• ભારતમાં માથાદીઠ સરેરાશ વાર્ષિક આવકમાં ગુજરાતીઓ પ્રથમ છે. અહીં શાકભાજિ કે પાણપૂરીની રેંકડીવાળા પાસે પણ મોબાઈલ હોય છે.

• ભારતમાં ઔદ્યોગિક અને વ્યાપારી ક્ષેત્રમાં મુડીરોકાણનો ગુજરાતીઓનો હિસ્સો ૧૬ ટકા છે.

• ગુજરાતીઓ શાકાહારી તરીકે જ જાણીતા છે એટલે ભારતમાં સૌથી વધારે શાકાહારી ગુજરાતમાં હોય તેમાં નવાઈ નથી. પણ તેમના આગ્રહ અને જરુરિયાતને માન આપી 'ફક્ત શાકાહારી' પીઝ્ઝા હટ અમદાવાદમાં ખોલવામાં આવી છે.

• ઝડપથી વિકાસ કરતા શહેરોમાં સુરત દુનિયામાં પહેલે નંબરે છે. (ગુજરાતમાં વિકસતા શહેરોમાં રાજકોટ બીજા નંબરે છે)

• પર્યાવરણ સુરક્ષિત શહેરોમાં ગુજરાતનું પાટનગર ગાંધીનગર એશિયામા પહેલે નંબરે છે.

• અમદાવાદમાં આવેલ 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ' એશિયામાં પહેલે નંબરે છે. એક વર્ષની ફી રૂપીઆ છ લાખ છે..

• દેશના બધા પ્રાંતોની સરખામણીમાં ગુજરાતમાં કોમી રમખાણો ઘણા ઓછા થાય છે અને કચ્છ-સૌરાષ્ટ્રમાં તો બહુ જ ઓછા.

• ગુન્હાઓનું સરેરાશ પ્રમાણ દેશના બીજા પ્રાંતો કરતાં ગુજરાતમાં ઓછું છે.

⌘ ⌘ ⌘ ⌘ ⌘

## સુખ અને તંદુરસ્તિમાં સેકસની ઉપયોગિતા

ખજૂરાહોના મંદિરો અને ભુવનેશ્વરના સૂર્યમંદિરની દિવાલો પર જાતિય શિક્ષણની મૂર્તિઓ કંડારીને આપણા પૂર્વજોએ યુવાવર્ગને એ સંદેશો આપ્યો છે કે સેકસનો આનંદ એ ઈશ્વરે મનુષ્યને આપેલ સુખી જીવનનો એક ભાગ જ છે અને તેમાં શરમજનક કાંઇ પણ નથી. એટલું જ નહિ પણ સેક્સ પણ ઈશ્વરની ભક્તિનો એક પ્રકાર જ છે અને તે મનુષ્યજીવનને ઉર્ધ્વગામી બનાવે છે. સેક્સનો આનંદ એ યૌવનની પરાકાષ્ટા છે. કામસુત્ર પ્રમાણે સેક્સ ૩૮૪ મુદ્રાઓમાં માણી શકાય છે. પણ એક અગત્યની વાત જે તેઓ આ કોતરકામ દ્વારા કહી નથી શક્યા તે હવે આજના વૈજ્ઞાનિકોએ આપણને સંશોધન કરીને બતાવી છે.

આપણા સમાજમાં એ વાત તો બહુ જાણિતી છે કે લગ્ન પછી યુવક યુવતિના વાન ખીલે છે, શરીર પુષ્ટ બને છે અને તેમનામાં યૌવનનો એક અજનબિ તરવરાટ જણાય આવે છે. ખાસ કરી યુવતિઓમાં તેની અસર વધારે દેખાય છે. આ પ્રક્રિયા એટલી તો સચોટ હોય છે કે કોઇ યુવતિએ જો લગ્ન પહેલાં તેના પ્રેમી સાથે સેકસનો આનંદ માણ્યો હોય તો તેના ચહેરા, શરીર અને હાવભાવમાં થયેલા સુક્ષ્મ ફેરફારથી પણ કોઈ અનુભવી વૃદ્ધની આંખો તે પીછાણી લે છે. મેઘાણીની એક વાર્તામાં એક તરૂણ યુવતિ કૌમાર્ય અવસ્થામાં ખેતરે તેના પ્રેમી સાથે સેક્સનો આનંદ માણી તેના દાદાને મળવા જાય છે. ઉંમરને કારણે દાદા અંધ થઇ ગયા છે તો પણ યુવતિ જ્યારે દાદાની નજીક આવે છે ત્યારે તેના શરીરમાંથી પ્રસરતી ગંધ પરથી દાદા જાણી જાય છે કે તેણે આજે એનું કૌમાર્ય લૂંટાવી દીધું છે અને તેના હાથનું પાણી પીવાની ના પાડે છે. સેકસથી સ્રાવ થતા હોર્મોન્સનો આવો પ્રભાવ છે.

મોસ્કો સ્ટેટ યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયકોએનાલિસિસના પ્રોફેસર તથા મેડિકલ સાઈન્સિઝના સંશોધક એલેક્ઝાન્ડર પોલિયેવના સંશોધન મુજબ નિયમિત સેક્સનો આનંદ લેવાથી માણસનું શરીર પુનઃયૌવન પામે છે. તેમના સંશોધન પ્રમાણે સેક્સની ક્રિયાથી શરીરમાં જે હોર્મોન્સનો સ્રાવ થાય છે તેના કારણે હાર્ટ એટેક અને હૃદયના અન્ય રોગોથી શરીરનો બચાવ થાય છે.

આ સ્રાવ થયેલા હોર્મોન્સથી લોહીની ધમનીઓ સહેજ વિસ્તૃત થાય છે જેથી લોહીનું ભ્રમણ વેગવાન બને છે અને વધુ લોહી મળતાં ઘસાયેલા સ્નાયુઓને ત્વરિત ગતિએ તાજગી મળે છે. સેક્સના આવેગથી શરીરના ઘણા બધા સ્નાયુઓને કસરત મળે છે અને તે પુષ્ટ અને ઘાટીલા બને છે.

યુકેમાં પણ આ વિષે સંશોધન થયેલ છે. તેમાં એક હજાર સ્ત્રીપુરુષોના દશ વર્ષના મેડિકલ રેકોર્ડને તેમની સેક્સલાઈફ સાથે સરખાવી જોતાં એવું તારવણ કાઢવામાં આવ્યું કે નિયમિત સેક્સ માણનાર યુગલોનું આરોગ્ય વધારે સારું હતું. તેમનામાં હૃદયરોગ, સ્ટ્રોક, ડાયાબેટિસ, વગેરેથી આકસ્મિક મૃત્યુનું પ્રમાણ પણ ઘણું ઓછુ હતું. સ્ત્રીઓમાં બ્રેસ્ટ કેન્સર અને પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સરની શક્યતા પણ ઓછી થતી હતી.

તે ઉપરાંત અમેરિકાની પેન્સિલ્વાનિયા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ કરેલા સંશોધન મુજબ નિયમિત સેક્સ માણનાર લોકોના શરીરમાં ઈમ્યુનોગ્લોબ્યુલિન નામના રોગપ્રતિકારક સેલ્સમાં લગભગ ત્રીસ ટકા જેટલો વધારો થાય છે જેને કારણે તેમની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થવાથી તેઓ ઋતુ બદલાવાના કારણે થતી નાનીમોટી માંદગીથી બચી જાય છે.

## પોલ દેખાય ત્યાં પેસી જાવ

નોંધઃમાહિતી સમાચાર પત્રોમાંથી એકઠી કરેલી છે.

ત્રણ ત્રણ ચૂંટણીઓ જીતનાર, ગુજરાતને પ્રગતિ અને સમૃદ્ધિને રસ્તે આગેકૂચ કરાવનાર અને જનતાના લાડીલા ગણી શકાય તેવા ગુજરાતના મુખ્યમંત્રીને હટાવવાનો તેમના જ પક્ષના માણસો પ્રયત્ન કરે તે આમજનતામાંના સાધારણ માણસની સમજમાં ઉતરવું મુશ્કેલ છે.

આના ખુલાસા તરીકે તેમણે કહેવું પડેલું કે 'હું ખાતો નથી અને કોઈને ખાવા દેતો નથી.' તથા, 'ધારાસભ્યોની કટકી બટકી બંધ થઈ ગઈ છે તેનું તેમને પેટમાં દુઃખે છે.' જાહેર સભાઓમાં કહેવું સહેલું છે અને તેથી આમજનતા પર પ્રભાવ પણ પાડી શકાય છે. પણ માણસ પોતે પ્રમાણિક છે તેનો પુરાવો આપી શકે પણ બીજા પ્રમાણિક છે કે નહિ તેની ખાતરી કેવી રીતે આપે ?

સરકારના ક્યા ક્યા વિભાગોમાં કેવી રીતે અને કેટલી પોલ છે, કેટલા રસ્તાઓ અને છીંડા છે, તેની વિગતવાર માહિતી કદાચ રાજ્યના વડા સુધી નહિ પહોંચતી હોય ત્યારે જ તે જાહેર સભામાં આવું કહે. એમને કદાચ ખબર નહિ હોય કે કેટલાક વિભાગોમાં તો ભ્રષ્ટાચાર કાયદેસર બની ગયો છે. એમ માનો કે ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર બની ગયો છે. સરકારી તંત્રમાં જે વ્યક્તિ ભ્રષ્ટાચાર નથી કરતી તે નમાલી, આવડત વગરની ગણાય છે, તેના સહકાર્યકરો તેની હાંસી ઉડાવે છે.

સચિવાલયના ઉપલા અધિકારીથી માંડી ગામડાના તલાટી ને પટાવાળા સુધી બધાજ એમાં ઓતપ્રોત છે તેવું લાગે. સૌથી મથાળે છે બાંધકામ ખાતું અને પાણી પૂરવઠા વિભાગ. આ વિભાગમાં ટેક્નિકલ જ્ઞાનની જરુર હોવાથી લોકોને સહેલાઈથી ઉલ્લુ બનાવી શકાય છે અને કામમાં ઢીલ કરવાના અનેક બહાના હાજર કરી શકાય છે. તેમાં અનેક ફાંટા પણ પડે છે. ઉપરાંત પંચાયત, નગરપાલિકા, સ્ટેટ, નેશનલ વગેરે તબક્કા પણ છે. આ વિભાગમાં જે કોઈ ટેન્ડર બહાર પડે તેમાં કુલ ખર્ચ ઉપરાંત પાંચ ટકા 'વહિવટી' ચાર્જ તો કાયદેસર ગણાય છે જેમાંથી તેમાં સંડોવાયેલ દરેક અધિકારીને તેમના હોદ્દા પ્રમાણે ભાગ મળે છે. આ ઉપરાંત ટેન્ડરનો પંચોતેર પચીસનો શિરસ્તો છે. એટલે કે પંચોતેર કોન્ટ્રેક્ટરના અને પચીસ સરકારના નહિ પણ સરકારી કર્મચારીઓના. તેમાંથી વીસ તો સીધા પ્રધાનના ખીસ્સામાં જાય અને બાકીના પાંચની ઉપરથી નીચે વ્હેંચણી થાય. જેમ પૂજામાં પંડિત જેટલીવાર 'સ્વાહા' બોલે તેટલીવાર પૈસા મૂકવા પડે તેમ કચેરીમાં જેટલીવાર કાગળો રજૂ કરવા પડે તેટલીવાર ત્યાં બેઠેલા 'સ્વાહા' બોલે. બાકીની વાત સમજી લેવાની.

ઘણા કોન્ટ્રેક્ટરો પાણી પહેલાં પાળ બાંધે અથવા કહો કે પૂજા પહેલાં પ્રસાદ ધરે. એટલે ટેન્ડરમાં જે શરતો અને નિયમો મૂકાય તે કોન્ટ્રેક્ટરને અનુકૂળ હોય તેમ લખાય અને તેને અનુકૂળ સમયે ટેન્ડર બહાર પાડવામાં આવે. દાખલા તરીકે કોન્ટ્રેક્ટરના ભત્રીજાના ગોડાઉનમાં અમુક સાઈઝના સ્ટીલના સળીયાનો ભરાવો થઈ ગયો હોય તો તે સાઈઝ જ ટેન્ડરમાં લખાય, પછી ભલે તેમ કરવાથી કામ નબળું બને અને તૂટી જાય. કોન્ટ્રેક્ટરને ઘેર પ્રસંગ હોય તો તે પ્રસંગ ઉકલી જાય પછી ટેન્ડર બહાર પડે. કામ વરસાદને એક મહિના અગાઉ શરૂ કરવામાં આવે જેથી વરસાદને કારણે કામમાં ઢીલ થાય અથવા થયેલું કામ ધોવાઈ જાય તો કોન્ટ્રેક્ટરને (અને કર્મચારીને પણ) કામ ફરી કરવાના અને સાથે ભાવ વધારાના પૈસા મળે. આમાં ઓફિસમાંથી જેમ વધારે ઢીલ કરવામાં આવે તેમ મુદત લંબાય અને વધારે પૈસા મળે. એટલે આપણી ધારણાથી ઉંધું, અહીં કામ ન કરવા માટે કોન્ટ્રેક્ટર કર્મચારીને પૈસા ખવરાવે અને જરૂર પડે તો જે અધિકારીએ નિર્ણયાત્મક સહી કરવાની હોય તેને આખા કુટુંબ સહિત સીમલા મસૂરી જેવા સ્થળે રજા ગાળવા પણ મોકલી આપે.

ભાવ વધારાની અરજી કરી હોય તે મંજૂર ન થાય ત્યાં સુધી કામ બંધ રહે અને મંજૂરી આવે ત્યાં સુધીમાં બીજા તબક્કાના ભાવ વધારાની અરજી તૈયાર થઈ ગઈ હોય. આ સમય દરમિયાન જે થોડુંઘણું કામ કર્યું હોય તે ધોવાઈ ગયું હોય, કોઈવાર વગર ચોમાસે પણ ! આવા વધારામાં વળી સાઠ ચાલીસ જેવું પણ થાય એટલે કે સાઠ કોન્ટ્રેક્ટરના અને ચાલીસ કર્મચારીઓના.

હવે પરદેશના ધોરણે ધારાસભ્યો અને સાંસદોને વિકાસની ગ્રાન્ટ આપવામાં આવે છે. ધારાસભ્યોને વાર્ષિક પચાસ લાખ અને સાંસદોને વાર્ષિક બે કરોડની ગ્રાન્ટ અપાય છે. આ પૈસા તેઓ પોતપોતાના મતવિસ્તારમાં કોઈપણ કામ માટે વાપરી શકે છે અને તે માટે કોઈ મંજૂરી લેવાની હોતી નથી. ટ્રેઝરીને ફક્ત બીલ મોકલી આપવાનાં. મોટે ભાગે આ પૈસા સગાવહાલાં કે મળતિયામાં જ વપરાય જાય અને તેઓ કરી શકે તેવાં કામ માટે જ વપરાય. અને કોઈવાર તો કામ કર્યા વગરનાં બીલ પણ બની જાય. દાખલા તરીકે કોઈ ગામડામાં પાણીની ટાંકીની જરૂર હોય, તે બંધાય અને ટ્રેઝરી તેનું બીલ પણ ચૂકવી આપે. પણ તમે તે ગામ જાવ તો તમને પાણીની ટાંકી ન દેખાય ! દસ ફૂટના રસ્તાના બીલમાં વીસ ફૂટનો રસ્તો હોય, બે ફૂલઝાડ વાવીને બગીચાનું બીલ બનાવાય, શાળાના એક ઓરડો, ઓસરી અને પગથીયા માટે ત્રણ ઓરડાનું બીલ બને, વગેરે, વગેરે.

પણ આ વાત તો અગુ સે ચલી આતી હે.

મહારાજા ભોજનું રાજતંત્ર બહુ જ ન્યાયી ગણાતું તેઓ દરરોજ સવારે ખુલ્લો દરબાર ભરતા. કોઈપણ પ્રજાજન તે સમયે રોકટોક વગર અંદર આવીને ખુદ મહારાજાને અરજ કરી શકે. દરબારમાં આ વાતની ચર્ચા થતી હતી ત્યારે એક દરબારીએ ટકોર કરી કે 'તો પણ મહારાજાએ સાવચેત રહેવું જરૂરી છે. થોડીઘણી પોલ તો ગમે ત્યાં રહી જાય' મહારાજાએ હસતાં હસતાં કહ્યું, 'પોલ દેખાય ત્યાં ઘુસી દેખાડજો. એક ગુન્હો માફ કરીશ.' મહારાજા તો એ વાત ભુલી ગયા. થોડા સમય બાદ નિયમાનુસાર શહેરમાં ફરવા નીકળ્યા ત્યારે પહેરેગીરોની નજર ચૂકવીને એક વિપ્ર આવીને તેમના પગમાં પડયો અને રડવા લાગ્યો. મહારાજાએ તેને ઊભો કરી રડવાનું કારણ પૂછ્યું. તેને દીકરીના લગ્ન કરાવવા હતા પણ પૈસા નહોતા એટલે મહારાજાની મદદ માગતો હતો. મહારાજા બોલ્યા, 'તું સવારે મારા દરબારમાં આવી જજે, તારું કામ થઈ જશે.' વિપ્રએ ખુલાસો કર્યો કે તે કેટલાય દિવસથી દરબારમાં આવવાનો પ્રયત્ન કરે છે પણ મહેલને દરવાજે બેઠેલો પહેરેગીર દાણ માગે છે એટલે તે અંદર આવી નથી શક્યો. મહારાજાને અચરજ થયું. તેમણે તપાસ કરાવી તો વિપ્રની વાત સાચી નીકળી. તેમના સવારના ખુલ્લા દરબારના સમયે એક પહેરેગીર અંદર આવનાર પાસેથી દાણ વસુલ કરતો હતો. તેમણે દરબારીઓને બોલાવ્યા અને આ શું બની રહ્યું છે અને આ પૈસા કોણ લઈ જાય છે તે જાણવા માગ્યું. પેલા દરબારીએ આગળ આવીને બધો ખુલાસો કર્યો અને સાથે એ પણ ઉમેર્યું કે આ કામ મહારાજના કહેવાથી જ કરવામાં આવ્યું છે અને વસુલ કરેલ બધા પૈસા નામદારની તિજોરીમાં જમા કરાવેલ છે. મહારાજા ભોજને પણ ત્યારે સમજાયું કે પ્રમાણિક રહેવું અને પ્રમાણિક રાખવામાં શું ફરક છે !

## મુ. પો. ઉચ્છલ

(પાના ૮થી ચાલુ)

ઉચ્છલની ટપાલ વ્યવસ્થા માટે અમને ખૂબ માન હોવાનાં બેચાર કારણો છે. કોઈવાર કવર પર ટિકિટ ન લગાવી હોય કે કોઈવાર સરનામું જ કરવાનું રહી ગયું હોય તો પણ ટપાલી નામ વાંચીને ઘરે પત્ર મોકલાવી દે અને ભૂલ સુધરાવી લે. મનીઓર્ડર આપવા આવે ત્યારે 'થેન્ક યુ' સાંભળીને ખૂબ ખુશ થઈ જાય અને ગળગળો બની બોલે, 'મેન્શન નોટ ! એમાં શું ? તમારા જ પૈસા છે. ચાલો, થેન્ક યુ, હં .' વગેરે વગેરે.

લોકોના આગ્રહથી અમે કોશિશ કરી જોઈ છે અને નવું સરનામું શોધી કાઢ્યું છે, 'ઉપર ગગન વિશાળ. . ' એમ તો બહુ જાણિતી વાત નથી પણ ઉચ્છલનું ભૌગોલિક મહત્ત્વ કાંઈ કમ નથી ! ગુજરાતનો એક માત્ર સુંદર ગીરાધોધ ને સુરતને વારંવાર ગભરાવતો ઉકાઈ ડેમ ઉચ્છલથી માત્ર અરધા કલાકને અંતરે છે - હવે અંતર સમયમાં મપાતું થઈ ગયું ! એક માત્ર ગિરિમથક, આહવાડાંગનું ઘરેણું, સાપુતારા ઉચ્છલથી ફક્ત સો કિ.મી. જ દૂર છે. કાશ્મિર કે મહાબળેશ્વર કે ઊટી જઈ આવેલા લોકો ઉચ્છલ આવીને બોલી ઊઠે, 'અરે, આપણે ગયેલા ત્યાં પણ બેઠું આવું જ હતું, નહી ?'. એ વાત સાંભળીને અમને પૈસા બચ્યાનો જે સંતોષ મળે તેનું વર્ણન થઈ ન શકે. સ્વચ્છ ચોખી હવા, શૂન્ય ટકા પ્રદુષણ, માફકસર વરસાદ, લાંબો ખુશનુમા શિયાળો ને એકાદ મહિનો કાળઝાળ ગરમી સહન થઈ શકે તો ઉચ્છલ જેવું સ્થળ નહી મળે ! જ્યાં પૂર, ભૂકંપ, કોમી હુલ્લડ કે બોમ્બ ધડાકાની બીક નથી ત્યાં લોકો શાંતિથી જ રહે ને ! વાતાવરણમાં ગરમી આવે ફક્ત ચૂંટણી વખતે - સો ટકા આદિવાસી વિસ્તાર હોવાને કારણે જ - દિવાળીના દિવસોમા, નાતાલમાં ને નવરાત્રિમાં, તેમજ હોળીધૂળેટીના દિવસોમાં.

ઉચ્છલના લોકોને હેલિકોપ્ટરની બહુ નવાઈ નથી ! ભલભલા રાજકારણીઓ અહીં મત લેવા સભા ભરવા આવે છે. છેવાડાનું ગામ હોવાથી સરકારી બાબુઓને શિક્ષા રૂપે અહીં મોકલી દેવાય. પણ નવાપુર નજીક હોવાથી તેમને તો સજામાં પણ મજા પડી જાય. ગામ લોકો સાહેબ સાહેબ કરતા સેવામાં હાજર થઈ જાય તે અલગ. ઉચ્છલ તાલુકામાં એક 'ગાંધીનગર' પણ છે. આથી વધારે ઉચ્છલ માટે શું લખવું ?

## મુ. પો. ઉચ્છલ  કલ્પના દેસાઈ

'તમારું સરનામું લખાવો ને. . . '

'લખો. મુ. પો. ઉચ્છલ, જિલ્લો સુરત, પીન કોડ. . '

'બસ, આટલું જ ટુંકુ ? બીજું કાંઈ નહી ?'

'તો તમારે કેટલું જોઈએ ? લાં. .બુ, લાં. .બુ, પોસ્ટકાર્ડના ખાનાની બહાર નીકળી જાય એટલું જોઈએ ? તો લખો. .ઉપર ગગન વિશાળ, નીચે ધરતી રેતાળ, થોડે દૂર જંગલ વિકરાળ અને સામે નદી શરમાળ. ઉચ્છલ મેઈન બઝારના ત્રણ રસ્તાની ડાબી તરફ, પોસ્ટ ઓફિસ ને પુસ્તકાલયની સામે, બેન્ક ઓફ બરોડાથી થોડેક આગળ, પોલીસ સ્ટેશન ને મામલતદાર કચેરીથી સો ડગલાં દૂર, માર્કેટયાર્ડની પહેલાં, અવધૂતવાડીમાં 'ગુલમહોર' નામનું મકાન છે. બસ, આ જ અમારું સરનામું ! (હાય, બોલતાં થાકી જવાયું.) તે છતાં ય યાદ ન રહે તો કોઈને પણ પૂછજો, 'જિતુભાઈનું મકાન ક્યાં આવ્યું ?' કોઈ તમને એમ તરત જ નહિ બતાવી દે. જો કોઈ આદીવાસી હશે તો એ તમારા પર તીર, નજરોના, ચલાવશે ! એટલે કે તમને ધારી ધારીને જોશે. પણ ભ ાષા નહિ સમજે એટલે બોલ્યા વગર ચાલવા માંડશે. ને બીજું કોઈ હશે તો તમને સવાલો પૂછીને ખાતરી કરશે. 'જિતુભાઈ ? ક્યા જિતુભાઈ ? જિતુભાઈ દેસાઈ ? પેલા આમ છે તે ? પેલા તેમ છે તે ને ? ચાલો હું તમને એમના ઘરે પહોંચાડી દઉં. લાવો તમારી બેગ ઉંચકું.' એમના પર ભરોસો કરવામાં કાંઈ વાંધો નહિ, બિન્દાસ બેગ આપી દેજો. ભાગીને જશે પણ ક્યાં ? ઉચ્છલમાં જ ને ? તરત જ પકડાઈ જશે. જોકે એમ પણ એની દાનત ફક્ત ને ફક્ત તમને અમારા ઘર સુધી પહોંચાડવાની જ હશે. ચોરીની લગીરેય નહિ, એની ગામલોકો વતી હું તમને ખાતરી આપું છું.

એટલે ઉચ્છલમાં રામરાજ છે અને ચોરી નથી થતી એવું નહિ. પણ આ રીતે સામેથી બેગ માગીને ભાગી જવું કોઈને ફાવતું નથી. અહીના બસસ્ટેન્ડ અને નજીકના રેલ્વે સ્ટેશન પર એમના માટે કોઈ જ સેવા તરત જ મળી જવાની શક્યતા નહિવત જ હોય છે. એ જે ભાઈ તમને મૂકવા આવશે તે દૂ. . .રથી ઘર બતાવીને જતા નહિ રહે પણ અમારા ઘરના દરવાજે ટીગટોંગ વગાડીને, અમારું મલકાતું મુખ જોઈને, તમને ક્યાં મળ્યા અને કેવી રીતે અહિ લાવ્યા તેની રજેરજ વાત અમને જણાવી, ખુશ થતાં થતાં, અમારા 'થેન્ક યુ'ની સામે 'મેન્શન નોટ' અથવા 'કંઈ નહિ, એમાં શું ?' કહીને પછી જ વિદાય લેશે.

એમ તો મારા લગ્ન જ્યારે સ્વર્ગમાં (!) નક્કી થયેલાં ત્યારે અમને કોઈને ખબર બહોતી કે ઉચ્છલ ક્યાં આવ્યું ને ક્યે રસ્તે જવાય ? (સગાંવ્હાલાં દુનિયાના ખૂણેખૂણાની ખબર રાખતાં હોય છે તો પણ) પણ ઉચ્છલનો છોકરો હોવો જોઈએ એવી ઉપરવાળાની મરજી હોવાથી અમે પહેલી જ વાર ઉચ્છલ જવા નીકળ્યા ત્યારે કોઈક ખાતરીનો ખોટો રસ્તો બતાવનારને ભરોસે આહ્વાડાંગના ગાઢ જંગલમાંથી બીતાં બીતાં, ભગવાનનું નામ લેતાં લેતાં, રસ્તાની મહેરબાનીથી ઉછળતાં ઉછળતાં, ખુશીથી નહી, જેમતેમ ઉચ્છલ પહોંચેલાં. જે રસ્તે આજે પણ જંગલી જાનવર મળી જાય તે રસ્તે આજથી વર્ષો પહેલાં સુમસામ, ભયાનક અંધારામાં, વાઘ કે ચિત્તાની પરવા કર્યા વિના, જો કે રસ્તો બતાવનારે આ બધું કહેવાનું ટાળેલું, અમે આગળ વધેલાં અને આખરે અમારી મંજિલે પહોંચી જ ગયેલાં. તે પછીથી કાયમ માટે મુ. પો. ઉચ્છલ ગોખાઈ ગયેલું.

ત્યારે કોઈને સમજાવતાં જેટલી તકલીફ પડતી કે ઉચ્છલ ક્યાં આવ્યું છે તેટલી જ તકલીફ આજે પણ પડે છે એટલી ઉચ્છલની પ્રગતિ થઈ છે ! ગુજરાત મહારાષ્ટ્રની સરહદ પર નવાપુર છે. રેંટિયો તુવેર દાળ અને બર્ડ ફ્લ્યુ ફેઈમ ! તો નવાપુર મહારાષ્ટ્રમાં ગણાય અને ઉચ્છલ ગુજરાતમાં, બરાબર ગુજરાતની સરહદ પર. નવાપુર સ્ટેશનની એક તરફ રેલ્વેના કવાર્ટર્સ દેખાય, રિક્ષાઓ દેખાય અને વડનાં ઝાડ દેખાય તે બાજુ નહિ પણ સ્ટેશનની બીજી બાજુ જ્યાં છૂટાંછવાયાં બેઠા ઘાટનાં ઘર અને ઝૂંપડાં દેખાય, ગોલ્ફના ઉબડખાબડ મેદાન પર આવી ગયાં હો એવું લાગે તે ઉચ્છલ. નકશામાં બતાવવું ભારે ન પડે એટલું આ રીતે સમજાવવું ભારે પડે. નવાપુર સ્ટેશન પર ટિકિટ લેવા પૈસા આપવા બારીમાં હાથ નાંખો તો તમે ઉભા હો  ઉચ્છલમાં ને હાથ જાય નવાપુરમાં !

'દેસાઈ એટલે સુરત, વલસાડ, નવસારી તરફના. . .?'

'ના, ના, અમારી તો રેલવે જ જુદી ! તાપ્તી વેલી રેલવે, ટી.વી. રેલવે કહેવાય. બારડોલી, વ્યારા, સોનગઢ - ઉકાઈ ડેમનું નામ સાંભળ્યું છે ?'

'બસ, બસ, હવે કોઈ ઓળખાણની જરૂર નથી. અમે સમજી ગયાં કે તમારું ઉચ્છલ આ લાઈન પર જ હશે.'

રેલવેના આવા ખાસ નામને કારણે અમારે ત્યાં જે પત્રો આવતાં તેમાં સરનામું કેવી રીતે લખવું ? 'જિતુભાઈ દેસાઈ, મુ. પો. ઉચ્છલ, નવાપુર, ટી. વી. રેલવે, નવાપુર' વારંવાર નવાપુર લખીને એ લોકો ઉચ્છલને નાનું બનાવી નાખતાં. પરિણામે પત્ર પણ નવાપુર ફરી ફરીને અને વંચાઈને આવતો. ઘણાને નજરે જોયેલું મકાન યાદ હોવાથી સરનામું આમ લખતાં, 'જિતુભાઈ દેસાઈ, મુ. પો. ઉચ્છલ, નવાપુર સ્ટેશનની સામે બંગલે, કિશોરીકાકાની દુકાનની બાજુમાં, ટી. વી. રેલવે, નવાપુર, જિ. નવાપુર.' અસલનાં ઘરડાં વળી બાપદાદાના ધંધાને યાદ રાખીને સરનામું કરતાં, 'ધીરુભાઈ ખંડુભાઈ દેસાઈ, લાકડાના વેપારી, સ્ટેશન સામે બંગલે, વેસ્ટ ખાનદેશ, ટી. વી. રેલવે, નવાપુર.' ઉચ્છલનું નામોનિશાન નહિ અને તો ય પત્ર મળી જતો !

ત્યારે એકબીજાને પત્રો, પોસ્ટકાર્ડ, લખવાનો જમાનો હતો. ફોનનો ઉપયોગ તો માંદા કે સ્વર્ગસ્થના સમાચાર આપવા પૂરતો જ રહેતો. પત્રોમાં બંને પક્ષે ઘરની, ખેતીની, વરસાદની, મોસમની, ધંધાપાણીની, વાતો લખાતી. પત્રની શરૂઆતમાં અને અંતમાં સૌના નામ લખાતાં. સૌને યાદ ને આશિષ અપાતા.. પ્રસંગ મુજબ પત્રમાં આગ્રહો થતા, આમંત્રણો અપાતાં ને એ આગ્રહ ને આમંત્રણને માન આપીને ધામા નંખાતા ! ત્યારે શું લોકો નવરા હતા ? મેનર્સ વગરના હતા ? ના. એટલા પ્રેમલાગણીવાળા હતા કે એકબીજા પર હક્ક સમજતા. ફરવા જવાની ફેશન શરૂ નહોતી થઈ એટલે હળવાશ મેળવવા એકબીજાને ઘેર જતા. એમાં જો કે ઘણાં દૂ. . .રના સગાં વધારે પડતો હક્ક બતાવીને ગેરલાભ પણ લઈ જતા. (અનુસંધાન પાના ૭ પર)

⌘ ⌘ ⌘

### मेघदूतम्  (संपादकः डो.गौतम पटेल)

तत्र व्यक्तं दृषदि चरणन्यासमर्धेन्दुमौलेः
शश्वत्सिद्धैरुपचितबलिं भक्तिनम्रः परीयाः ।
यस्मिनदृष्टे करणविगमादूर्ध्वमुद्धूतपापाः
कल्पिष्यन्ते स्थिरगणपदप्राप्तये श्रद्धानाः ॥५७॥
शब्दायन्ते मधुरमनिलैः कीचकाः पूर्यमाणाः
संरक्ताभिस्त्रिपुरविजयो गीयते किन्नरीभिः ।
निर्हादी ते मुरज इव चेत्कन्दरेषु ध्वनिः
स्यात्सन्गीतार्थो ननु पशुपतेस्तत्र भावी समग्रः ॥५८॥

### મેઘદૂત  (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

દેખાતાં ત્યાં ચરણ શિવનાં પથ્થરે, સિદ્ધ જેને
અર્ચે નિત્યે, યજન કર તું ભક્તિભાવે ફરીને,
જેને જોતાં દરિત ટળતાં, દેહનાશે બને ત્યાં
શ્રદ્ધાવાળા સ્થિર શિવગણસ્થાન માટે સમર્થ. (૫૭)
ફૂંકાવાથી પવન, મધુરી વાંસની વેણુ વાગે,
ને ત્યાં ગાતી ત્રિપુરજયને ભક્તિથી કિન્નરીઓ.
થાયે તારાં મુરજરવશાં ગર્જનો કંદરે, તો
સંગીતાર્થે પશુપતિતણો સાજ સંપૂર્ણ થાશે. (૫૮)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ મૂકાશે)

### Meghaduta of Kalidas (Editor: Dr.Gautam Patel)

Bowing low with devotion,circle round the foot-prints of Lord Shiva, the wearer of the crescent moon on the forehead, visibly evident on a stone slab there, with the Siddhas incessantly dedicating dedicating their offerings to it, seeing which the faithful feel that they would achieve a permanent place as a Gana having been freed from all sins on discarding their bodies. (57)

The bamboos being filled with wind produce a melodious sound, the chorus of the Tripura victory is being sung by devoted wives of the Kinnaras; if your thunders echoing in the caves, resembling the sound of the tabor, be there, Lord Shiva's concert will just be completed. (58)

To be continued: Two verses will be published in every issue.)